**સુવિચાર**

પુસ્તક એટલે સમયના સાગરમાં ઉભી કરવામાં આવેલી દીવાદાંડી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




શહેરમાં ગુનેગારો પર પોલીસ તંત્ર તુટી પડયું: ૩૮ બૂટલેગરનાં ઘર પર બુલડોઝર ફેરવી દેવાયું P-4


**Year-16, Issue-35 ■ DATE : 19-05-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI**


# સંસદ, ન્યાયતંત્ર કે કાર્યપાલિકા નહીં પરંતુ 'બંધારણ' જ સર્વોપરી: CJI

## ગત સપ્તાહમાં જ પદભાર સંભાળનાર ચીફ જસ્ટિસનું મહત્વનું વિધાન: રાજયના મુખ્ય સચિવ, પોલીસ વડા પ્રોટોકોલ મુજબ હાજર ન રહેતા ચીફ જસ્ટિસની આકરી ટકોર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હાલમાં જ કાર્યભાર સંભાળનાર દેશના મુખ્ય ન્યાયમૂર્તિ ભૂષણ ગવઈએ તેમના પ્રથમ મહત્વના વિધાનમાં દેશમાં બંધારણ જ સર્વોપરી હોવાનું જણાવીને ન્યાયતંત્ર સંસદ અને સરકાર એ ત્રણેય એક સમાન જ અધિકાર ધરાવતા હોવાનું સ્પષ્ટ મંતવ્ય વ્યક્ત કર્યુ હતું.

હાલમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ન્યાયતંત્ર કે બંધારણ નહી. સંસદ જ સર્વોપરી હોવા અંગે કરેલા વિધાનો પર ગવઈએ આ જવાબ આપ્યો હોવાનો સંકેત છે.

તેઓએ જણાવ્યું કે, ત્રણેય પાંખ, ન્યાયતંત્ર, સંસદ કે સરકાર કોઈ એકબીજા પર સર્વોપરી નથી. આ ત્રણેય પાંખોએ એકબીજા સાથે સંકલન કરીને બંધારણીય જોગવાઈ-ભાવના મુજબ કામ કરવાનું હોય છે.

સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે હાલમાં જ નવો મોરચો મંડાયો છે. રાષ્ટ્રપતિ અને રાજયપાલોએ વિધાનસભામાં મંજુર કરતા ખરડાઓ પર નિર્ણય લેવા સુપ્રીમકોર્ટે જે સમય મર્યાદા નિશ્ચિત કરી તે સંદર્ભમાં રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટને ૧૪ મુદાઓ પર સ્પષ્ટતા માંગી છે અને ખાસ એ જણાવ્યું છે કે બંધારણમાં આ અંગે કોઈ સમય મર્યાદા નથી તો સુપ્રીમકોર્ટે તે કામ નિશ્ચિત કરી શકશે.

આ અંગે આગામી દિવસોમાં બી.જી.ગવઈના નેતૃત્વ હેઠળની ખંડપીઠ જ રાષ્ટ્રપતિને સ્પષ્ટતા આપે તેવી ધારણા છે. સરકારની અવારનવાર ફરિયાદ છે કે સુપ્રીમકોર્ટ, હાઈકોર્ટ વધુ પડતી ન્યાયીક સક્રીયતાથી તેની મર્યાદા ઓળંગી રહી છે.

### સંસદ પાસે બંધારણમાં સુધારો કરવાની સત્તા હોવા છતાં તે મૂળભૂત સિધ્ધાંતોના માળખાને સ્પર્શી ન શકે

બાર કાઉન્સીલ ઓફ મહારાષ્ટ્ર અને ગોવાના એક કાર્યક્રમમાં સંબોધન સમયે ચીફ જસ્ટીસે આ વિધાનો કર્યા હતા. તેઓએ જણાવ્યું કે બંધારણનો મૂળભૂત ઢાંચો મજબૂત છે અને તેના ત્રણેય પાયા (વિંગ) પણ મજબૂત છે. આ ત્રણેય પાંખો એ બંધારણને જવાબદાર છે અને તેઓએ એકબીજાને સન્માન આપવુ જોઈએ.

તેઓએ મહત્વના વિધાનમાં કહ્યું કે, સંસદને બંધારણમાં સુધારાનો અધિકાર છે પણ તે મૂળભૂત ઢાંચાને અડી શકે નહી. કારણ કે આ મૂળભૂત ઢાંચો એ બંધારણનું હાર્દ છે તે સર્વોચ્ચ છે. કાનૂનથી તમો ન્યાયતંત્રની સ્વતંત્રતાને અવરોધી શકો નહી અને સંસદ બંધારણીય સુધારાથી પણ તેમ કરી શકે નહી.

દેશના મુખ્ય ન્યાયમૂર્તિ બી.આર.ગવઈ ગઈકાલે મહારાષ્ટ્રની મુલાકાતે ગયા તે સમયે રાજયના ચીફ સેક્રેટરી સુજાતા રાજયના પોલીસવડા રશ્મી શુકલા અને મુંબઈના પોલીસ કમિશ્નર દેવેન ભારતી તેમને આવકારવા હાજર ન રહેતા ચીફ જસ્ટીસે આકરા શબ્દોમાં પ્રોટોકોલનો મુદો ઉઠાવ્યો હતો. તેઓએ બાર એસો.ના કાર્યક્રમમાં જણાવ્યું કે જો કે હું કોઈ પ્રોટોકોલનો આગ્રહી નથી.

હું મારા શહેરમાં સ્કુટર પર પણ ફરુ છું. જયારે કોઈ જજ પ્રોટોકોલ તોડે તો બંધારણે આપેલા કલમ ૧૪૨ હેઠળની ખાસ સતા અંગે ચર્ચા થાય છે પણ અહી દેશની એક બંધારણીય સંસ્થાના વડાની હાજરી સમયે ચીફ સેક્રેટરી, રાજયના અને મહાનગરના પોલીસ વડા હાજર રહેતા નથી તેથી દેશની બંધારણીય સંસ્થાઓએ એકબીજા પ્રત્યે સન્માનની જે સ્થિતિ છે.

તેના પર પ્રશ્ન ઉભા થાય છે. તેઓએ કહ્યુ કે, આ પ્રોટોકોલ કોઈ નવી બાબત નથી પણ લોકોને તેની જાણ થવી જોઈએ. બાદમા ગવઇ રાજયમાં ડો. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરના સમાધી સ્થળ ચૈત્યભૂમિ પર પહોંચ્યા તો આ ત્રણેય ઉચ્ચ અધિકારીઓ ત્યાં હાજર થઈ ગયા હતા. તેઓ અને ચીફ જસ્ટીસના પડકાર વિધાનોની નોંધ લીધી હતી.

# માર્ગ અકસ્માતમાં દોઢ લાખ રાહદારીઓએ જાન ગુમાવ્યા

## રાહદારીઓ માર્ગ અકસ્માતોનો સૌથી મોટો શિકાર બનતા હોવાનો ચોંકાવનારો આંકડાકીય રીપોર્ટ જાહેર થયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સડક-માર્ગ પર સૌથી પહેલો અધિકાર રાહદારીઓનો હોય છે.પરંતુ તેઓ જ માર્ગ અકસ્માતોનો સૌથી મોટો શિકાર બનતા હોવાનો ચોંકાવનારો આંકડાકીય રીપોર્ટ જાહેર થયો છે. ૨૦૧૯ થી ૨૦૨૩ નાં ચાર વર્ષમાં માર્ગ અકસ્માતમાં ૧.૫૦ લાખ રાહદારીઓએ જાન ગુમાવ્યા હતા.

બંધારણની કલમ ૨૧ હેઠળ ફૂટપાથ પર ચાલવાનો રાહદારીઓનો બંધારણીય હકક હોવાનું જણાવીને સર્વોચ્ચ અદાલતે ફૂટપાથ પર થતા દબાણો સામે ચિંતા નારાજગી દર્શાવતો ચુકાદો તાજેતરમાં જ આપ્યો હતો. દેશનાં ૨૪ રાજયો તથા કેન્દ્ર શાસીત પ્રદેશોમાં માત્ર ૧૯ ટકાથી ૭૩ ટકા જ ફૂટપાથો હોવાના રીપોર્ટ બાદ સુપ્રિમ કોર્ટે આ ફટકાર લગાવી હતી.

આઈઆઈટી દિલ્હી તથા ટ્રાન્સપોર્ટ રિચર્સ એજન્સી દ્વારા ફૂટપાથ સંબંધી સર્વે હાથ ધરાયો હતો તે મુજબ કાશ્મીરનાં માર્ગો પર માત્ર ત્રણ ટક ફૂટપાથ હોવાનું ખુલ્યુ હતું. પોંડીચેરીમાં તે પ્રમાણે





પાંચ ટકા હતી. બિહારમાં ૧૯ ટકા, હરિયાણામાં ૨૪ ટકા તથા ઝારખંડમાં ૨૦ ટકા હતી.

એટલુ જ નહિં તેમાં પણ મોટાભાગનાં કિસ્સામાં નિયમ પાલન ન હતું. વાસ્તવમાં ઈન્ડીયન રોડ કોંગ્રેસ દ્વારા ફૂટપાથ બનાવવા માટે માપદંડો નિયત કરાયેલ છે અને તેના આધારે ફૂટપાથ બનાવવાની હોય છે.

સુપ્રિમ કોર્ટે ગત સપ્તાહનાં ચુકાદામાં સ્પષ્ટ કર્યુ હતું કે નાગરીકો માટે યોગ્ય ફૂટપાથ હોવાનું આવશ્યક છે. અને તેમાં દબાણ ચલાવી ન શકાય. નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ફૂટપાથ બનાવવા તથા દબાણ ન થવા દઈને યોગ્ય જાળવણી કરવામાં આવે તો પણ ઘણા માર્ગ અકસ્માતો શકાય તેમ છે.તમામ શહેરોમાં ફૂટપાથનાં નિયમોને પ્રાથમિકતા આપવાની જરૂર છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન વિશ્વ આરોગ્ય સંગઠનના રીપોર્ટ પ્રમાણે વિશ્વ સ્તરે માર્ગ અકસ્માતોમાં ૨૧ ટકા રાહદારીઓ ભોગ બને છે ભારતને લાગેવળગે છે ત્યાં સુધી ૨૦૨૩ માં દર પાંચમાંથી એક રાહદારી અકસ્માતનો ભોગ બન્યો હતો.

ભારતમાં મહારાષ્ટ્ર દિલ્હી, ઉતરાખંડ, આસામ, હિમાચલ પ્રદેશ, તથા પશ્ચિમ બંગાળમાં રસ્તાઓ પર ફૂટપાથની માત્રા ૪૮ થી ૭૩ ટકા જેટલી છે.

ભારતમાં ૨૦૧૯ માં ૨૫૮૫૮ ૨૦૨૦ માં ૨૩૪૭૭, ૨૦૨૧ માં ૨૯૧૪૪, ૨૦૨૨ માં ૩૨૮૨૮ તથા ૨૦૨૩ માં ૩૫૦૦૦ રાહદારીઓ માર્ગ અકસ્માતનો ભોગ બન્યા હતા.

# દાહોદ મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડના બીજા પુત્ર કિરણની પણ ધરપકડ

## પૂછપરછ શરૂ કરાઈ: મંત્રીના પુત્રોએ મનરેગાને પણ કમાણીનું સાધન બનાવી દીધું હતુ

**મુખ્ય સમાચાર, દાહોદ**

દાહોદ મનરેગા કૌભાંડમાં ગુજરાતના પંચાયત રાજ મંત્રી બચુ ખાબડની મુશ્કેલી વધતી જઇ રહી છે. આ કેસમાં પહેલા પોલીસે તેમના મોટા પુત્ર બળવંત ખાબડની અને હવે તેમના નાના પુત્ર કિરણ ખાબડને પણ ઝડપી પાડ્યો છે. વડોદરા-કાલોલ હાઈવે પર પોલીસે તેને વહેલી સવારે ઝડપી પાડ્યો હતો. હાલ તેની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરાઈ છે. કિરણ ખાબડ સાથે ધરપકડ કરાયેલા લોકોમાં કિરણ ખાબડ, દેવગઢબારિયાના APO દીલિપ ચૌહાણ, ધાનપુર APO ભાવેશ રાઠોડ અને ધાનપુર તાલુકા વિકાસ અધિકારી રાઠવાનો પણ સમાવેશ





થાય છે.

નોંધનીય છે કે ગરીબોને રોજગારી આપતી મનરેગા યોજનાને પણ મંત્રી પુત્રોએ કમાણીનું સાધન બનાવી દીધું હોવાના આરોપ છે. આ જ કૌભાંડમાં થોડા દિવસ પહેલા મંત્રી પુત્ર બળવંત ખાબડની ધરપકડ કરાતા રાજકારણ ગરમાયું હતું.

સમગ્ર પ્રકરણમાં કોંગ્રેસ પ્રતિનિધિમંડળે સ્થળ તપાસ કરતાં ઘટસ્ફોટ થયો હતો કે, મંત્રી પુત્રોએ ચેકડેમ, હેન્ડપંપ-પાણીના બોર, માટી મેટલના રસ્તા બનાવ્યાં વિના જ બારોબાર જ બિલો પાસ કરાવી લાખો કરોડો સેરવી લીધા હતાં.

એટલું જ નહીં, રાજ્યના પંચાયત રાજ મંત્રી બચુ ખાબડે પણ સત્તાનો દુરુપયોગ કરી પુત્રોને મનરેગાના કામો અપાવી ફાયદો કરાવ્યો હતો. દાહોદ જિલ્લાના બે જ તાલુકામાં રૂ. ૭૧ કરોડનો ભ્રષ્ટાચાર થયાનું કહેવાય છે. જો વધુ તપાસ થાય, તો રૂ. ૨૦૦ કરોડનો ભ્રષ્ટાચાર બહાર આવે તેવી શક્યતા છે. દાહોદ જિલ્લામાં દેવગઢબારિયા અને ધાનપુર તાલુકામાં મનરેગાના તમામ કામ મંત્રી પુત્રોની એજન્સી શ્રી રાજ ટેડર્સ અને શ્રી રાજ કન્સ્ટ્રકશન કંપનીને અપાયા હતા. આ બંને એજન્સીઓએ પિતાની રાજકીય વગનો ઉપયોગ કરીને ગેરરીતિ આચરી છે. આ મુદ્દે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ લેખિતમાં ફરિયાદ કરાઈ છે.


# પ્રવાસીઓને આકર્ષવા શ્રીનગરથી પહેલગામનો રોડ-શો

### આતંકી હુમલા પછી હજુ કાશ્મીર ભેંકાર-સુમસામ

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

પહેલગામમાં ભયાનક આતંકવાદી હુમલા બાદ ભયભીત પ્રવાસીઓએ કાશ્મીર જવાનું માંડી વાળ્યું છે ત્યારે પ્રવાસીઓને ફરી આકર્ષવા માટે રોડશોથી માંડીને ચલો કાશ્મીર જેવા અભિયાન શરૂ કરવામાં આવ્યા છે.

કાશ્મીરનાં શ્રીનગરનાં સુમસામ બનેલા વિખ્યાત દાલ લેકના ઘાટો પરથી કારનાં કાફલા મારફત રોડ-શો યોજવામાં આવ્યો હતો. પહેલગામ સુધીનો આ રોડ-શો જોકે સુરક્ષા કારણોસર અનંતનાગમાં અધવચ્ચે અટકાવી દેવાયો હતો. પહેલગામ હુમલા બાદ પ્રવાસન ઉદ્યોગ ભાંગી ગયાનું ખુદ મુખ્યમંત્રી ઓમાર અબ્દુલ્લાએ નિવેદન કર્યુ હતું.



હવે કાશ્મીર સુરક્ષીત હોવાનો અને પ્રવાસીઓને આવવા માટે આહવાન કરવા આ રોડ-શોનો ઉદેશ હતો. કાશ્મીરમાં પહેલગામ હુમલાને એક માસ થવા આવ્યો છે છતાં કોઈ પ્રવાસી આવતા નથી.

રોડ-શોમાં સામેલ કારમાં કાશ્મીરનાં ભવિષ્યમાં રોકાણ કરો તથા પ્રવાસન અને શાંતિ હાથમાં જ છે. પ્લેકાર્ડ-બેનર રાખવામાં આવ્યા હતા. નેશનલ કોન્ફરન્સના ધારા-સભ્ય તનવીર સાદિકે જ રોડ-શોને લીલીઝંડી આપી હતી શિકારા ઓપરેટર, હોટેલ માલિકો, ટ્રાન્સપોર્ટરો, ટુર, ગાઈડ તથા ટ્રાવેલ એજન્ટો રોડ-શોમાં જોડાયા હતા.

તેઓએ કહ્યું કે, કાશ્મીર અસુરક્ષિતની છાપને ભુંસી નાખવાનો રોડ-શોનો ઉદેશ હતો. કાશ્મીર ત્રાસવાદની સામે ઉભુ છે અને હવે પ્રવાસીઓ કોઈ ભય રાખ્યા વિના પરત ફરે.

# રાજકોટ સહિત કેટલાક જિલ્લાઓમાં ગરમીનો પારો ઉંચકાયો

## ૧૯ જિલ્લામાં આજે ગાજવીજ સાથે વરસાદની શકયતા, આગામી છ દિવસ છૂટાછવાયા વરસાદની આગાહી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં આગામી છ દિવસ સુધી છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૨ અને ૨૩ મેએ ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. આજે ૧૯ જિલ્લામાં છૂટાછવાયાં સ્થળે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ગરમીની વાત કરીએ તો આગામી છ દિવસ મહત્તમ તાપમાનમાં ખાસ વધારો થવાની શક્યતા નથી, ત્યારે આજે અમદાવાદ, રાજકોટ, ભુજ અને ડીસામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગ તરફથી આજે રાજ્યના ૧૯ જિલ્લા, જેમ કે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ તેમજ ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ, દમણ અને દાદરા અને નગર-હવેલીમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

## રાજયમાં બુધવારથી મોટો હવામાન પલ્ટો, અરબી સમુદ્રમાં વાવાઝોડુ સર્જાશે

### અંબાલાલ પટેલની આગાહી: ૨૩ થી ૩૧ મે સુધી માવઠા - દરિયાકાંઠાનાં વિસ્તારો પ્રભાવીત થશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાનો પ્રકોપ હજુ શાંત થયો નથી, ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે મે મહિનાના અંતમાં રાજ્ય પર એક મોટા હવામાન સંકટની આગાહી કરી છે. તેમના મતે, અરબી સમુદ્રમાં ચક્રવાત સક્રિય થવાની શક્યતા છે, જેના કારણે ગુજરાતના ઘણા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ અને વિનાશક પવનો ફૂંકાઈ શકે છે.



અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, આગામી ૨૧ મે, ૨૦૨૫ થી ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવવાની શરૂઆત થશે. એક પછી એક સિસ્ટમ સક્રિય થશે અને અરબી સમુદ્રમાં ચક્રવાત (વાવાઝોડું) બનશે. ખાસ કરીને, મુંબઈ અને ગોવા વચ્ચે એક સિસ્ટમ બનશે, જે વાવાઝોડામાં પરિવર્તિત થશે.

આ ચક્રવાતની સીધી અસર દરિયાકાંઠાના વિસ્તારો પર જોવા મળશે. અંબાલાલ પટેલના મતે, દરિયામાં ઊંચા મોજા ઉછળશે અને દરિયાઈ કાંઠાના વિસ્તારો વાવાઝોડાથી વધુ પ્રભાવિત થશે. દરિયાઇ કાંઠે પવનની ગતિ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપની રહેવાની શક્યતા છે.

આ ચક્રવાત સક્રિય થવાને કારણે ગુજરાત અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. મે મહિનાના અંતમાં, ખાસ કરીને ૨૩ મે થી ૩૧ મે સુધી ગુજરાતભરમાં કમોસમી માવઠાની આગાહી કરી છે, જેના કારણે ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાશે.

### પાકિસ્તાનનાં મંત્રી એશિયન ક્રિકેટ કાઉન્સીલના વડા છે

# ભારત એશિયાની એકપણ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ નહિં લ્યે

### વિમેન્સ તથા મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટ નહિં રમવાનો ક્રિકેટ બોર્ડનો નિર્ણય: મૌખિક જાણ કરી દેવાઈ

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે સિઝફાયર છતાં ગંભીર તનાવ યથાવત છે. ત્યારે ભારતીય ક્રિકેટ બોર્ડે એશીયા કપ સહિત તમામ એશીયન ક્રિકેટ ટુર્નામેન્ટમાં શ્રીલંકા ખાતે વિમેન્સ ઈમરજીંગ ટીમ એશીયા કપ તથા સપ્ટેમ્બરમાં મેન્સ એશીયા કપ ટુર્નામેન્ટ યોજવાની છે. તેમાં ભારત સામેલ નહિં થા . ક્રિકેટ બોર્ડે પોતાના આ નિર્ણયની જાણ એશીયન ક્રિકેટ કાઉન્સીલને કરી દીધી છે.

એશીયન ક્રિકેટ કાઉન્સીલનાં ચેરમેનપદે પાકિસ્તાનનાં આંતરીક બાબતોના મંત્રી અને પાક



ક્રિકેટ બોર્ડનાં વડા મોહસીન નકવી છે. સુત્રોના કહેવા પ્રમાણે તમામ મોરચે પાકિસ્તાનને એકલુ અટુલુ પાડવાના વ્યુહ સાથે આ નિર્ણય લેવાયો છે.

પાકિસ્તાનનાં મંત્રી એશીયન ક્રિકેટ કાઉન્સીલનાં ચેરમેન હોવાથી તેના નેતૃત્વ હેઠળની સંસ્થાની એકપણ સ્પર્ધામાં ભાગ નહિં લેવાનુ નકકી કરાયું છે. ભારતીયોનાં મિજાજને પારખીને આ નિર્ણય લેવાયો છે. ક્રિકેટ બોર્ડનાં સુત્રોએ કહ્યું કે, બન્ને સ્પર્ધામાં નહિં રમવાની એશીયન ક્રિકેટ કાઉન્સીલને મૌખિક જાણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ભવિષ્યની ટુર્નામેન્ટોમાં સામેલ થવાનો નિર્ણય હાલ પુરતો સ્થગીત કરાયો છે. ભારતીય ક્રિકેટ બોર્ડનાં આ નિર્ણયથી સપ્ટેમ્બરમાં યોજાનારા એશીયા કપના આયોજન સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનીસ્તાન તથા શ્રીલંકા જેવી પાંચ ટીમો વચ્ચે યોજાનારી સ્પર્ધા યોજાવા સામે શંકા છે. ભારત વિના આ સ્પર્ધા યોજાવાનું મુશ્કેલ છે. કારણ કે તેના મોટાભાગનાં સ્પોન્સર ભારતનાં જ હોય છે અને ભારતની હાજરી હોય તો જ નાણાની ટંકશાળ પડતી હોય છે બ્રોડ કાસ્ટરને પણ રસ ન પઠડી શકે. બ્રોડ કાસ્ટીંગ આવકમાંથી પાંચેય દેશોને ૧૫-૧૫ ટકા મળતા હોય છે.

# ત્રણ મોટા હુમલામાં સામેલ મોસ્ટ વોન્ટેડ આતંકી પાકમાં માર્યો ગયો

### લશ્કર-એ-તોયબાનો કમાંડર અબુ સૈફુલ્લાહ નેપાળથી નેટવર્ક સંભાળતો હતો: પાકિસ્તાનમાં પહોંચતાં જ ભેદી હત્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓપરેશન સિંદૂરથી સ્તબ્ધ થયેલા પાકિસ્તાની આતંકવાદીઓનો ખાત્મો થઇ જ રહ્યો છે નાગપુરમાં છજજ મુખ્યાલય પર ૨૦૦૬માં થયેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઇન્ડ લશ્કર-એ-તૈયબા કમાન્ડર અબુ સૈફુલ્લાહ પાકિસ્તાનમાં માર્યો ગયો છે.

લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા અબુ સૈફુલ્લાહની અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. તે લાંબા સમયથી નેપાળથી પોતાની નાપાક પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો હતો. જોકે, હાલમાં તે સિંધ પ્રાંતના મતલી બદીનથી કામ કરી રહ્યો હતો. આ આતંકવાદી ભારતમાં ત્રણ હુમલાના કાવતરામાં સામેલ હતો.

લશ્કરના આ આતંકવાદીનું નામ અબુ




સૈફુલ્લાહ ઉર્ફે મોહમ્મદ સલીમ ઉર્ફે રાજુલ્લાહ નિઝામની હતું. તે નેપાળમાં લશ્કર-એ-તૈયબાના સમગ્ર મોડ્યુલને સંભાળતો હતો. તેનું મુખ્ય કાર્ય લશ્કરની આતંકવાદી પ્રવૃત્તિઓ માટે કેડર અને નાણાકીય મદદ પૂરી પાડવાનું હતું.

આ આતંકવાદી લશ્કરના આતંકવાદીઓને નેપાળ થઈને ભારતમાં પણ મોકલતો હતો. ૨૦૦૬માં નાગપુરમાં આરએસએસના મુખ્યાલય પર થયેલા હુમલામાં પણ તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

આ ઉપરાંત, તેણે ૨૦૦૧માં CRPF કેમ્પ રામપુર પરના હુમલામાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તે ૨૦૦૫માં IISc બેંગ્લોર પરના હુમલાના કાવતરામાં પણ સામેલ હતો.

# જામનગર નજીક કનસુમરામાં નકલી અંગ્રેજી દારૂની મિનિ ફેક્ટરી ઝડપાઇ
















**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક કનસુમરા ગામ પાસે એક ગોડાઉન ભાડે રાખીને તેમાં ચલાવતી ડુપ્લીકેટ ઈંગલિશ દારૂ બનાવવાની મિનિ ફેક્ટરી એલસીબીની ટુકડીએ પકડી પાડી છે અને તેમાંથી ત્રણ શખ્સોની અટકાયત કરી છે. ડુપ્લીકેટ ઈંગ્લીશ દારૂ બનાવવા માટેનું સ્પીરિટ, કલર તથા ખાલી બોટલો, લેબલ સહિત રૂપિયા સવા આઠ લાખની માલમતા કબજે કરી છે. ઉપરાંત દારૂની ડુપ્લીકેટ દારૂની ફેક્ટરીના મુખ્ય ભેજાબાજ રાજસ્થાનના શખ્સ તેમજ દારૂના વેચાણકાર જામનગરના અન્ય એક શખ્સને ફરારી જાહેર કરાયા છે.

જામનગર એલ.સી.બી.ને ખાનગી બાત-મીદારોથી.હકિકત મળેલી કે, જામનગર તાલુકાના કનસુમરા ગામની સાઢીયાપુલ પાસે આવેલ આર્ય એસ્ટેટમા આવેલ ખોડલ કોલ ટ્રેડર્સ નામના ગોડાઉનમાં ડુપ્લીકેટ ઈંગ્લીશ દારૂ મિનિ ફેક્ટરી ચાલે છે. બાતમીના આધારે ગોડાઉનમાં રેઇડ કરી હતી. ભાડે રખાયેલા આ ગોડાઉનમાં ડુપ્લીકેટ ઈંગ્લિશ દારૂની મિનિ ફેક્ટરી ચલાવાતી હતી. આ ફેક્ટરી ચલાવતા અરૂણભાઇ ઉર્ફે કાલી સીતારામ સોની નેપાળી ઉ.વ.૪૩ રહે. સેનાનગર પાછળ, જામનગર મહિપાલસિંહ આશીષસિંહ રાણા ઉ.વ.૩૪.રહે. રામેશ્વરનગર, કિષ્નાપાર્ક, શેરી નંબર-૩,જામનગર. અને જયપાલસિંહ વિક્રમસિંહ જાડેજા ઉ.વ.૨૫.રહે. રામેશ્વરનગર માટેલ ચોક,જામનગર.ને ઝડપી લેવાયા હતા. તેના કબ્જામાંથી સ્પીરીટ ભરેલા બેરલ, કલર, ડુપ્લીકેટ ઈગ્લીશ દારૂનો જથ્થો, બોટલમાં લગાડવાના સ્ટીકર, મોબાઇલ ફોન, કાર વિગેરે વગેરે મળી કુલ ૮.૨૩લાખનો મુદ્દામાલ કબ્જે કરેલ છે.આ પ્રકરણના મુખ્ય સૂત્રધાર એવા કિશનસીંગ શેખાવત (રહે. જયપુર રાજસ્થાન) અને ડુપ્લીકેટ ઈગ્લીશ દારૂનું વેચાણ કરનાર ગજેન્દ્રસિંહ જાડેજા (રહે. જામનગર )ને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે. ઝડપાયેલા ત્રણેય ઇસમોની પુછપરછ દરમ્યાન છેલ્લા ત્રણ મહિનાથીડુપ્લીકેટ ઈગ્લીશ દારૂ બનાવવાની ફેક્ટરી ચાલુ કરલી હોવાનુ ખુલવા પામ્યું છે.

# હૈદરાબાદમાં બોમ્બ વિસ્ફોટનુ ષડયંત્ર નિષ્ફળઃ બે ઝડપાયા

## ડમી વિસ્ફોટ બાદ મોટા હુમલાની તૈયારી હતીઃ સાઉદી અરેબીયા સાથે કનેકશન સામે આવ્યું

**મુખ્ય સમાચાર, હૈદરાબાદ**

દેશમાં ઓપરેશન સિંદુરના વાતાવરણ વચ્ચે હૈદરાબાદમાં પોલીસે એક બોમ્બ વિસ્ફોટની યોજના નિષ્ફળ બનાવી હતી અને ત્રાસવાદી સંગઠન આઈએસઆઈએસ સાથે સંકળાયેલ બે લોકોની ધરપકડ કરી હતી.

વિઝાગના સિરાજ અને હૈદરાબાદના સમીરે પહેલા ડમી વિસ્ફોટની યોજના બનાવી હતી. તેના પરથી તેઓ મોટા વિસ્ફોટની તૈયારીમાં હતા. સિરાજે આ માટે વિઝાગથી વિસ્ફોટકો મેળવ્યા હતા. તેઓને સાઉદી અરેબીયા સ્થિત હેન્ડલર તરફથી સૂચનાઓ મળતી હતી અને તેઓ હૈદરાબાદમાં મોટા વિસ્ફોટની યોજનામાં હતા.

તેલંગાણા પોલીસને મળેલી બાતમી પરથી આંધ્ર પોલીસ સાથે સંયુક્ત કામગીરીથી આ મોટા ત્રાસવાદી ષડયંત્રને નાકામ બનાવાયુ છે. પહેલગામ હુમલા બાદ કેન્દ્ર સરકારે તમામ રાજયોને તેમના સંવેદનશીલ ક્ષેત્રોમાં ખાસ નજર રાખવા તાકીદ કરી હતી.

ખાસ કરીને નાના-લોન-વુલ્ફ જેમાં ત્રાસવાદી હુમલા કરવાની શકયતા દર્શાવાઈ હતી. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી પણ આ અંગે એકશનમાં છે. પંજાબમાં ગત સપ્તાહે ૧૫ સ્થળોએ દરોડા પાડીને ખાલીસ્તાની ત્રાસવાદી નેટવર્ક સાથે સંકળાયેલ અરવિંદર સિંઘ ઉર્ફે રીન્ધાની ધરપકડ થઈ છે અને હજુ વધુની તપાસ ચાલુ છે.

# ગોંડલ શહેરમાંથી ચોરી કરેલ બાઇક સાથે રીઢા વાહન ચોરને ઝડપી લેતી મોરબી એલસીબી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે ગોંડલ સીટી વિસ્તારમાંથી ચોરી કરેલ બાઇક સાથે રીઢા વાહન ચોરને મોરબીના ત્રાજપર ચોકડી પાસેથી પકડી લેવામાં આવ્યો છે, આ સાથે પકડાયેલ આરોપી પાસેથી ચોરી કરેલ બાઇક કબ્જે લેવામાં આવ્યું છે, જ્યારે આ વાહન ચોરીમાં વધુ એક આરોપીનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી પોલીસે આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબી એલસીબી અને પેરોલ ફર્લો ટીમને મળેલ બાતમી આધારે એક ઇસમને મોરબી ત્રાજપર ચોકડી પાસે આવેલ ઓવરબ્રીજના વાંકાનેર તરફ જતા રસ્તે સર્વીસ રોડ ઉપરથી શંકાસ્પદ મોટર સાયકલ સાથે પકડી લેવામાં આવ્યો હતો. ત્યારે મળી આવેલ મોટર સાયકલના મુળ માલીક બાબતે પોકેટ કોપ એપ્લીકેશન મારફતે સર્ચ કરતા રજી.નં. જીજે-૦૩-જેબી-૯૪૬૩ વાળું મોટર સાયકલ જયેશભાઇ સામતભાઇ ગુજરાતી રહે. મોટાઉમવડા તા.ગોંડલ જી. રાજકોટવાળાના નામે નોંધાયેલ હોય, જેથી પકડાયેલ આરોપી પાસે મોટર સાયકલના આધાર, પુરાવા તથા કાગળો માંગતા નહી હોવાનુ જણાવતા તેમજ ઉપરોક્ત મોટર સાયકલ બાબતે રેકર્ડ આધારીત તપાસ કરતા ગોડલ સીટી બી. ડીવીઝન પોલીસ મથકમાં ચોરી થાય અંગે ગુનો રજીસ્ટર થયેલ હોય, જેથી તુરંત આરોપી અજયભાઇ સુરાભાઈ વાઘેલા ઉવ.૨૯ રહે. હાલ કુડલા તા. ચુડા. જી. સુરેન્દ્રનગર મુળ રહે.ગઢડા તા.બોટાદ જી.બોટાદ વાળાની અટકાયત કરવામાં આવી હતી, જ્યારે પકડાયેલ આરોપીની સઘન પૂછ્તાછમાં સહઆરોપી તરીકે આરોપી વિપુલભાઇ છગનભાઇ સાંઢમીયા રહે. ઘેલાસોમનાથ તા.જસદણ જી. રાજકોટવાળાના નામની કબુલાત આપતા તેને ફરાર દર્શાવી બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ પરપ્રાંતિય મજૂરોનુ મોરબી એસ્યુર્ડ એપમાં નોંધણી ન કરનાર વધુ ત્રણ વિરુદ્ધ કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ દ્વારા વધુ ત્રણ સ્થળોએ તપાસ ચલાવી પરપ્રાંતિય મજૂરોને કામે રાખી તેના આઇડી તેમજ મોરબી એસ્યુર્ડ એપમાં રજિસ્ટ્રેશન ન કરાવનાર ત્રણ ઈસમો વિરુદ્ધ જાહેરનામા ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબી જીલ્લા કલેકટર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામા અંતર્ગત હળવદ પોલીસ ટીમ તપાસની કામગીરીમાં હોય ત્યારે અલગ અલગ ત્રણ સ્થળોએ પરપ્રાંતિય મજૂરોને કામ ઉપર રાખી તેના આઇડી પ્રૂફ કે મોરબી એસ્યુર્ડ એપમાં નોંધણી ન કરનાર બે કારખાના-માલીક અને એક ભંગરના ડેલા-માલીક એમ ત્રણ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે, જેમા પ્રથમ દરોડામાં યુનિવર્સલ ટાઉનશીપમાં આવેલ બાલાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં પરપ્રાંતિય કર્મચારીઓના આઇડી પ્રૂફ કે તેમની સંપૂર્ણ વિગતો તથા તમામ કર્મચારીઓનું મોરબી એસ્યુર્ડ એપમાં રજિસ્ટ્રેશન ન કરાવનાર ઈન્ડસ્ટ્રીઝ-માલીક મહેશભાઈ ઈશ્વરભાઈ સંઘાણી ઉવ.૩૭ રહે. હળવદ ચંદ્રપાર્ક સોસાયટી વાળા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.

જ્યારે બીજા દારોડામાં, યુનિવર્સલ ટાઉનશીપમાં પ્રસાદ એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં ચેક કરતા તેના માલીક યાજ્ઞિકભાઈ માધાભાઈ ગોળ ઉવ.૩૨ રહે.વસંત પાર્ક સોસાયટી હળવદ વાળાએ તેમની ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા મજૂરોના આઇડી પ્રૂફ મેળવેલ ન હોય તેમજ મોરબી એસ્યુર્ડ એપમાં નોંધણી ન કરી હોય જેથી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સિવાય હળવદ-માળીયા હાઈવે ઉપર ક્રિષ્ના હોટલ પાસે ભંગરના ડેલાના માલીક શોભારામભાઈ છીતરમલભાઈ ગુર્જર ઉવ.૨૫ રહે. મૂળ ભચરડીયા કુંદવા ગામ જી.રાજસમંદ રાજસ્થાન વાળા જાહેરનામા વિશે માહિતગાર હોવા છતાં ત્યાં કામ કરતા મજૂરોનુ આઇડી કાર્ડ સહિતની વિગતો તથા મોરબી એસ્યુર્ડ એપમાં રજિસ્ટ્રેશન ન કરાવેલ હોય ત્યારે હળવદ પોલીસ દ્વારા ઉપરોક્ત ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જાહેરનામા ભંગની કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના સુરવદરમાં પરિણીતાને ભગાડી જવાનો ખાર રાખી પરિવાર ઉપર હુમલો, એકનું મોત



## સુરવદરના યુવકે શક્તિનગર ગામની પરિણીતાને ભગાડી જતા ભાઈ, પતિ સહિતનાઓએ ખેલ્યો ખૂની ખેલઃ એક હત્યા, ત્રણ ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના સુરવદર ગામે હત્યાનો બનાવ સામે આવ્યો છે, જેમાં સુરવદરના યુવક અને શક્તિનગર ગામે રહેતી પરિણીતા વચ્ચે પ્રેમ સંબંધ હોય જેથી બન્ને ભાગી ગયા હોય, જેનો ખાર રાખી પરિણીતાના પતિ તથા ભાઈ સહિતના લોકો રાત્રે ૪ વાગ્યાના અરસામાં બે ફોરવ્હીલ ગાડીમાં આવી ભગાડી જનાર યુવકના ભાઈનું અપહરણ કરી લઈ જતા હોય ત્યારે પરિવારજનો છોડાવવા વચ્ચે પડતા છરી અને ધોકા વડે હુમલો કરવામાં આવ્યો હતો, જે હુમલામાં યુવકના કાકાનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે હત્યાના આ બનાવ અંગે હળવદ પોલીસે અપહરણ, હુમલો, હત્યા સહિતની કલમો હેઠળ ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તમામને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી પ્રાપ્ત વિગતો મુજબ હળવદ તાલુકાના સુરવદર ગામે રહેતા ખેડૂત પરિવારના કિરણભાઈ કરશનભાઈ ધમેચા ઉવ.૨૩ એ હળવદ પોલીસ મથકમાં આરોપી વિશાલભાઈ રમેશભાઈ કોળી, શામજીભાઈ રણછોડભાઇ કોળી, સાગરભાઈ રણછોડભાઇ કોળી ત્રણેય રહે.રાયધ્રા ગામ તા.હળવદ તથા આરોપી આશીષભાઇ બાબુભાઇ કોળી રહે. ગામ શક્તિનગર તા.હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યા અનુસાર તા.૧૮/૦૫ ની વહેલી સવારે કિરણભાઈ ધામેચા પોતાના ઘરની ઓસરીમાં સુતા હતા. તે દરમિયાન ચારેક વાગ્યે ઉપરોક્ત આરોપીઓએ કિરણભાઈનું અપહરણ કર્યુ હતું. આ શખ્સોએ તેમને ઘરની ઓસરીમાંથી ઉંઘતી હાલતમાં જ ઉઠાવી સફેદ કલરની ફોર વ્હીલ ગાડીમાં બેસાડી લઈ જતા હોય ત્યારે રસ્તામાં કિરણભાઈના કાકા ચંદુભાઈ રાઘવજીભાઈ તેમને બચાવવા વચ્ચે પડતા, જેથી આરોપી વિશાલભાઈએ છરીથી તેમનાં છાતી પર ઘા ઝીંક્યો હતો, જેના કારણે તેઓ લોહીલુહાણ હાલતમાં નીચે પટકાયા હતા. જે બાદ આરોપી વિશાલભાઈએ કિરણભાઈના કાકાના દીકરા જયેશભાઈ પર પણ છરી વડે જીવલેણ હુમલો કર્યો અને અન્ય પરિવારજનોમાં જયસુખભાઈ તથા સંજનાબેનને અન્ય આરોપીઓએ ધોકા વડે ઈજાઓ પહોંચાડી હતી.

ઘટનાના પગલે આરોપીઓ બે અલગ અલગ ફોરવ્હીલ કારમાં બેસી ફરાર થઈ ગયા હતા. બીજીબાજુ ઈજાગ્રસ્તોને ગામના લોકોની મદદથી તાત્કાલિક જેતપર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડૉક્ટરે કિરણભાઈના કાકા ચંદુભાઈને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. કાકાના દીકરા જયેશભાઈને માથામાં ગંભીર ઈજા હોવાના કારણે મોરબી રીફર કરવામાં આવ્યા હતા, જ્યારે જયસુખભાઈ અને સંજનાબેનને સારવાર આપી રજા અપાઈ હતી. ત્યારે સમગ્ર બનાવ હત્યામાં પલટાયો હતો, હાલ હળવદ પોલીસે કિરણભાઈની ફરિયાદને આધારે ઉપરોક્ત ચારેય આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# જામનગર કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં જીલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં જીલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં રેશનકાર્ડ લાભાર્થીઓનું ૧૦૦% ઈ-કેવાયસી કરાવવા બાબત, નવી વાજબી ભાવની દુકાનો ખોલવા અંગે, બ્રાંચ મર્જ કરવા બાબતે, ગ્રામ્ય. તાલુકા. જીલ્લા કક્ષાની તકેદારી સમિતિની રચના અને બેઠક યોજવા અંગે, વાજબી ભાવની દુકાનના સ્થળ ફેરફાર બાબતે વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં કલેકટર કેતન ઠક્કરે રાશનકાર્ડ લાભાર્થીઓનું ૧૦૦% ઈ-કેવાયસી કરાવવા અંગે ભાર મુક્યો હતો. તથા લોકો માય રાશન એપ્લીકેશનના માધ્યમથી ઘરે બેઠા જ ઈ-કેવાયસી કરી શકે તે અંગે લોકોને જાણકારી તથા સમજુતી આપવા સભ્યઓને સુચન કર્યું હતું. જીલ્લાના તમામ લોકોને અનાજનો જથ્થો યોગ્ય સમયે અને વ્યવસ્થિત મળી રહે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.આ બેઠકમાં ધારાસભ્યો મેઘજીભાઈ ચાવડા અને હેમંત ખવા, જીલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જીલ્લા પુરવઠા અધિકારી એસ.ડી.બારડ સહીત સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ટંકારા દીકરીને મરવા મજબુર કરનાર પતિ, સાસુ-સસરા વિરુદ્ધ પિતાએ ફરિયાદ નોંધાવી

## વિદેશ ભણવા જવાના ૫ લાખ માંગતા, જે આર્થિક માંગણી ન સંતોષાતા માનસિક દુઃખ ત્રાસ આપતા દીકરીએ અંતિમ પગલું ભર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા ટાઉનમાં લક્ષ્મીનારાયણ સોસાયટી-૫ માં રહેતી પરિણીતાને તેના પતિ તથા સાસુ-સસરા દ્વારા કરિયાવર તેમજ વિદેશ જવા જમાઈને પિતા દ્વારા રૂપિયા ન આપતા જે બાબતને લઈને પરિણીતાને માનસિક દુઃખ ત્રાસ આપતા હોય જે કારણે પરિણીતાએ પોતાની જાતે આપઘાત કરી લીધો હોવાના બનાવ બાબતે મૃતકના પિતાએ પતિ સહિતના સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, લીંબડી તાલુકાના ઉંટડી ગામે રહેતા વિનોદભાઈ નાનજીભાઈ પરમાર ઉવ.૬૨ની પુત્રી કિંજલબેનના લગ્ન મોરબી જીલ્લાના ટંકારા ખાતે લક્ષ્મીનારાયણ સોસાયટી-૫ માં રહેતા શુભમ પનારા સાથે થયા હોય ત્યારે આરોપીઓએ ફરીયાદી વિનોદભાઈની દિકરી કિંજલને લગ્ન બાદ તેમના જમાઈ શુભમને વિદેશમા ભણવા જવા માટે રુપીયા પાંચ લાખની જરુર હોય અને તે રુપીયા ફરીયાદીની દિકરી પાસે માંગતા હોય જે બાબતે દીકરીએ પોતાના પિતાને વાત કરી હતી, પરંતુ ફરીયાદી વિનોદભાઈની આર્થિક સ્થિતી નબળી હોવાથી તેઓએ પાંચ લાખ રૂપિયા નહી આપતા, જમાઈ શુભમ તથા તેના માતા રિનલબેન પનારા તેમજ હીરાલાલ કરશનભાઇ પનારાને સારુ નહી લાગતા જેથી ગઈ તા.૦૩ માર્ચ ૨૦૨૫ થી ૧૮ મે ૨૦૨૫ ઉપરોક્ત બાબતે દિકરી કિંજલને કરીયાવર બાબતે તેમજ રુપીયા બાબતે અવાર-નવાર મેણા-ટોણા મારી માનસીક દુઃખ ત્રાસ આપતા હતા, જે કિંજલથી સહન નહી થતા તેણીને આત્મહત્યા કરવા દુસપ્રેરીત કરતા આખરે દીકરી કિંજલ પોતાની જાતે ગળા ફાસો ખાઈ આત્મહત્યા કરી પોતાનું જીવન ટુંકાવ્યું હતું. હાલ ટંકારા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



# ક્રિકેટ ક્ષેત્રે જામનગરની મહિલા ખેલાડીની વધુ એક સિદ્ધિ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની મહિલા ખેલાડીની વધુ એક સિદ્ધિ ગત માસ માં અમદાવાદ ના મોઢેરા સ્ટેડિયમ ખાતે રમાયેલી ઈન્ટર ઝોન અંડર-૧૭ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ દરેક ઝોનની ટીમો જેવી કે મહારાષ્ટ્ર,બરોડા, ગુજરાત, મુંબઈ અને સૌરાષ્ટ્ર ની વચ્ચે રમાયેલી.

જેમાં જામનગરની મહિલા ખેલાડી રાબિયા સમા, જે જામનગર ક્રિકેટ બંગ્લો ખાતે કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ પાસે પ્રેક્ટીસ કરી રહેલ છે. તેણી એ દરેક ક્ષેત્ર માં શાનદાર પરફોર્મ કરી ૧૧ વિકેટો ઝડપી અંડર-૧૭ મહિલા વેસ્ટ ઝોન ટિમમાં સિલેક્ટ થયેલ છે અને જામનગર નું ગૌરવ વધારેલ છે.

# સમાચાર સંક્ષીપતમાં

## હળવદ જીઆઇડીસી પાછળ જુગાર રમતા ચાર પકડાયા

હળવદ ટાઉનમાં જીઆઇડીસી પાછળ જાહેરમાં જુગાર રમતા હોવાની પૂર્વ બાતમીને આધારે પોલીસે રેઇડ કરી હતી, જ્યાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા રાહુલભાઈ કેશાભાઈ દેથરીયા ઉવ.૨૩ રહે.હળવદ જીઆઈડીસી પાછળ, જીગ્નેશભાઈ કેશુભાઈ ગોઢાણીયા ઉવ.૩૧ રહે. હળવદ જીઆઇડીસી પાછળ છાપરામાં, ઈકબાલભાઈ ગુલામભાઈ કટીયા ઉવ.૩૬ રહે.મીઠાના ગંજા ટીકર રોડ હળવદ તથા રાણાભાઈ વિરાભાઈ સોલંકી ઉવ.૪૫ રહે.હરીદર્શન સામે છાપરામાં હળવદ વાળા એમ ચાર ઇસમોને રોકડા રૂ.૨,૪૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી છે.

## માળીયા(મી)ના ખાખરેચી ગામે વર્લીમટકાનો જુગાર રમતા એકને દબોચી લેતી ક્રાઇમ બ્રાંચ

મારબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમ માળીયા(મી) તાલુકાના ખાખરેચી ગામે પેટ્રોલિંગમાં હોય ત્યારે ખાખરેચી ગામના સ્વામીનગર સોસાયટીમાં જાહેરમાં વર્લીફીચર્સના આંકડાઓ ડાયરીમાં લખી પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતા આરોપી તેજશભાઈ ઉર્ફે પીન્ટુ નારશીભાઈ લાંઘણોજા ઉવ.૩૭ રહે.સ્વામીનગર સોસાયટી ખાખરેચી તા.માળીયા(મી) વાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે ક્રાઇમ બ્રાંચ પોલીસે આરોપી પાસેથી વરલીફીચર્સના આંકડાનો જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડા ૨,૪૦૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે કરી તેની વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના ઈન્દિરાનગરમાં જાહેરમાં જુગાર રમતા પાંચ પોલીસ ઝપટે ચડ્યા

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં ઈન્દિરાનગરમાં ગંજીપત્તાના પાના વડે જુગારની મહેફિલ માંડી બેઠેલા ઇસમોને બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, જેમાં તીનપત્તીનો જુગાર રમતા . કાનજીભાઈ રામજીભાઈ સુરેલા ઉ.૫૫ શેરી નં.૩ કબીર ટેકરી મોરબી-૨, રાજુભાઈ મગનભાઈ સુરેલા ઉ.૪૬ ઈન્દીરાનગર મેલડી માતાના મંદીર વાળી શેરી મોરબી-૨, કિશોરભાઈ મેરૂભાઈ ધોળકિયા ઉ.૫૯ સર્કિટ હાઉસની સામે વિધુતનગર મોરબી-૨, ત્રિભોવનભાઈ બચુભાઇ સનુરા ઉ.૫૫ ગાયત્રીનગર હનુમાનજીના મંદીરની બાજુમાં મોરબી-૨ તથા પ્રવિણભાઈ રામજીભાઈ સુરેલા ઉ.૪૦ શેરી નં.૩ કબીર ટેકરી મોરબી-૨ વાળાની રોકડા રૂ.૬,૪૦૦/- સહિતના મુદ્દામાલ સાથે પકડી લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મોરબીના પંચાસર ગામની સીમમાં ૨૦૫ લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો ઝડપાયો, આરોપી ફરાર

મોરબી તાલુકા પોલીસ ટીમને બાતમી મળી કે પંચાસર ગામે રહેતા કમલેશભાઈ પરબતભાઇ નાગર સહકારી દૂધ મંડળી પાછળની ખરાબા ની જમીનમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીમાં દારૂ ગાળતો હોવાની પૂર્વ બાતમીને આધારે તાલુકા પોલીસે ઉપરોક્ત સ્થળે રેઇડ કરતા, સ્થળ ઉપરથી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ૨૦૫ લીટર ઠંડો આથો કિ.રૂ. ૪,૧૦૦/-મળી આવ્યો હતો. જ્યારે આરોપી કમલેશભાઇ પરબતભાઇ ઉર્ફે પબાભાઇ નાગર દરોડા દરમિયાન હાજર નહિ મળી આવતા તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

## જામનગરમાં પાછલા તળાવમાં નાહવા માટે પડેલા એક યુવાનનો પગ લપસી જતાં ડૂબી જવાથી કરુણ મૃત્યુ

જામનગરમાં ફુલીયા હનુમાન પાસે રહેતો અને મજુરી કામ કરતો સુનિલ બચુભાઈ બામરોલીયા નામનો બત્રીસ વર્ષનો ગોદડીયા બાવાજી યુવાન પાછ્લા તળાવમાં નહાવા માટે પડ્યો હતો, ત્યાં તેનો એકાએક પગ લપસી જતા પાણીના ઉંડા ખાડામાં ગરકાવ થઈ ગયો હતો અને ડૂબ્યો હતો.જેને બહાર કાઢી લઈ બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, ત્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકની પત્ની કાજલબેન સુનિલભાઈ બામરોલીયા એ પોલીસને જાણ કરતાં સિટી એ. ડિવિઝન પોલીસે જીજી હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

## મોરબી ક્રાઈમ બ્રાંચની કાર્યવાહીઃ પ્રોહી.ના ગુનામાં પાંચ માસથી વોન્ટેડ રીઢા આરોપીને ઝડપી પાડયો

હળવદના જુના દેવળીયા ગામેથી પાંચ માસથી નાસતો ફરતો પ્રોહિબીશનના ગુનાના વોન્ટેડ આરોપીને મોરબી એલસીબીની ટીમે ઝડપી પાડયો છે. પકડાયેલ આરોપી ઉપર અગાઉથી ૨૨ જેટલા ગુનાઓ નોંધાયેલ છે. મોરબી એલસીબી પોલીસ ટીમના હેડ કોન્સ. ચંદુભાઇ કાણોતરા, શકિતસિંહ ઝાલા, કોન્સ. દશરથસિંહ પરમાર, ભગીરથસિંહ ઝાલાને સંયુકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહી.ના ગુનાનો પાંચ માસથી નાસતો ફરતો અને અગાઉ મારામારી, ચોરી, જુગાર, પ્રોહીબીશનના ગુનામાં ઘણી વખત પકડાયેલ આરોપી વિજય જયંતિભાઇ અઘારા હાલ જુના દેવળીયા ગામ ખાતે હાજર હોય જે મુજબની બાતમીને આધારે એલસીબી ટીમ દ્વારા જુના દેવળીયા ગામે તપાસ કરતા આરોપી વિજય જયંતીભાઈ અઘારાને ઝડપી પાડી હસ્તગત કરી હળવદ પોલીસ સ્ટેશન હવાલે કરાયો હતો. પકડાયેલ આરોપી વિજય અઘારા બહુ મોટો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેના વિરુદ્ધ મોરબી જીલ્લાના વિવિધ પોલીસ મથકો તેમજ રાજકોટ, અમદાવાદ અને સુરેન્દ્રનગર જીલ્લાના મથકોમાં દારૂ, ચોરી, જુગાર અને મારામારી જેવા કુલ ૨૨ ગુનાઓમાં નામ નોંધાવી ચુક્યો છે.

# ગોંડલનાં વેપારીને રૂ.૫૬ લાખનો ધુમ્બો મારનાર મહારાષ્ટ્રનાં વેપારીને વ્યાજ સહિત પૈસા પરત કરવા કોર્ટનો આદેશ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના ફ્રટ ના વેપારીએ મહારાષ્ટ્રના વેપારી મારફત ઈજીમથી - સંતરા મંગાવવા માટે રૂા.છપ્પન લાખ જેવી રકમ મોકલી આપેલ હોવા છતા માલ નહી મોકલી આપતા તે રકમ પરત મેળવવા માટે - કોમર્શીયલ કોર્ટ એકટ હેઠળ દાવો કરતા ગોંડલ કોર્ટ દ્વારા મહારાષ્ટ્રના વેપારી એ રૂા.છપ્પન લાખ વાર્ષિક-૯% ના વ્યાજ સહિત ગોંડલના ફ્રૂટના વેપારીને ચુકવી આપવાનો હુકમ કર્યો છે. પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ માં ઘણા વર્ષોથી પટેલ પરસોતમભાઈ ગોવિંદભાઈ એન્ડ કાં. ના નામથી - ભાગીદારી પેઢી ધરાવતા અને ફ્રુટનો - વેપાર કરતા વેપારી હિતેષભાઈ - પરસોતમભાઈ પાંભરે મહારાષ્ટ્રના વેપારી ડી.કે. એન્ટરપ્રાઈઝ ના પ્રોપરાઈટર મહેશ રામચંદ્ર બંડગર

મારફત ઈજીપ્ત થી સંતરા મંગાવવા માટે પેઢીના બેંક ખાતામાથી રૂા.છપ્પન લાખ જેવી રકમ મોકલી આપેલ હોય તેમ છતા મહારાષ્ટ્રના વેપારી એ માલ નહી મોકલી આપતા તે રકમ વસુલ મળવા માટે તેના વકીલ નિરંજય એસ. ભંડેરી મારફત લીગલ નોટિસ પાઠવવામા આવતા નોટિસની સમયમર્યાદામા રકમ ચુકવી નહી આપવામા આવતા આખરે ગોંડલના વેપારીએ સૌ પ્રથમ કોમર્શીયલ કોર્ટ એકટ ની જોગવાઈ મુજબ મીડીયેશન ફ્રી ગોંડલ કોર્ટના મીડીયેશન સેન્ટરમા જમા કરાવી મહારાષ્ટ્રના વેપારી ને મીડીયેશન માટે બોલાવવામા આવતા તેમા પણ કોઈ સહયોગ ન મળતા ના છુટકે કોમર્શીયલ કોર્ટ એકટ હેઠળ રૂા.૫૬,૦૦,૦૦૦/-વ્યાજ સહીત વસુલ મળવા દાવો દાખલ કરેલ જે

કેસ ચાલી જતા તેમના વકીલ નિરંજય એસ. ભંડેરી ની કાયદા તથા હકીકતના મુદાઓની રજુઆતોને ધ્યાને લઈ ગોંડલના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ એમ.એસ.દવે એ વાદી પટેલ પરસોતમભાઈ ગોવિંદભાઈ એન્ડ કું. ના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના ભાગીદાર દરજ્જેજે હિતેષભાઈ પરસોતમભાઈ પાંભર દ્વારા કરવામા આવેલ દાવો મંજુર કરી દાવાવાળી રકમ રૂા.૫૬,૦૦,૦૦૦/- વાર્ષિક-૯% ના વ્યાજ સાથે ચુકવી આપવા પ્રતિવાદી ડી.કે.એન્ટરપ્રાઈઝ વિરૂધ્ધ હુકમ ફરમાવેલ છે. આ કેસમાં વાદી વતી ભંડેરી એડવોકેટસ - ગોંડલના વકીલ નિરંજય એસ. ભંડેરી તથા પ્રજ્ઞા એન. ભંડેરી તથા શિવલાલ પી. ભંડેરી તથા રવિરાજ પી. ઠકરાર રોકાયેલા હતા.

# જેતપુરમાં નશાખોર કારચાલકે ૨ યુવકને ઉડાવ્યા





**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં જૂનાગઢ રોડ પર આવેલ કોલેજ પાસે અકસ્માતની ઘટના બની હતી. જેમાં નશામાં કાર ચાલકે અસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં બે-ત્રણ બાઈક અડફેટે લીધા હતા. જેમાં અકસ્માત સર્જી ફરાર થાય એ પહેલા કાર ચાલકને લોકોએ દબોચી લીધો હતી. અકસ્માતમાં બે યુવકો ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા, પોલીસે કાર ચાલકને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી..

આ અંગેની વિગતો મુજબ જેતપુર સિટી પોલીસના કોન્સ્ટેબલ લાખુભા ગંભીરસિંહ રાઠોડ ફરિયાદી બની જેતપુરના પિયુષ રાજેશભાઈ જાડેજા જે નશાની હાલતમાં જેતપુરના બોસમીયા કોલેજ સામે સર્પાકાર ગાડી ચલાવી બે-ત્રણ વાહન ચાલકો સાથે રાહદારીઓને અસ્માત સર્જેલ અને ત્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થયેલા હોય જે જગ્યા પર પોલીસની ટીમ પહોંચતા કાર નંબર જીજે-૦૩-કેપી-૧૫૪૧ ટાય કંપનીની ટિયાગો ફોરવીલ ચાલક નશાની હાલતમાં મળી આવેલ હતો. નશાની હાલતમાં અકસ્માત સર્જેલા કાર ચાલકને અજાણ્યા લોકોએ માર પણ માર્યો હોવાની વિગતો સામે આવી હતી.

આ અસ્માતમાં બે યુવકો જે નવાગઢના રહેવાસી ગોપાલ જીતુભાઈ ચાવડા તેમજ જય સુરેશભાઈ ઝિઝુવાડીયા અને એક યુવકને સારવાર અર્થે પ્રથમ જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે જૂનાગઢ રીફર

કરવામાં આવ્યા હતા. પોલીસે નશાની હાલતમાં અકસ્માત સર્જેલા કારચાલકને પકડી પાડી એમ.વી.

એક્ટ કલમ-૧૮૫ તેમજ પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# ઊનાના વિધાનગર રોડ પર યુવાનને માર મારતા હોવાના સીસીટીવી ફુટેઝ આવ્યા સામે: લાકડી વડે યુવાન પર હુમલો



**મુખ્ય સમાચાર, ઉના**
**અબ્દુલ પઠાણ**

ઊનાના દેલવાડા વિધાનગર રોડ પર ત્યાં શનિવારે બપોર ના સમયે એક વેપારીની દુકાન પાસે ૪ થી ૫ અસામાજિક તત્વો દ્વારા એક શખ્સ નેજાહેર મા ઢોર માર મારતા હોય અને આ વાયરલ વીડિયોમાં આવ્યા સામે એટલી હદ સુધી માર મારવામાં આવેલ હતો કે લાકડી પણ તૂટી ગઈ હતી જે સ્થળ પર આ મારામારી થઈ ત્યાં ની જ વેપારી ની દુકાન પર થી આ માર મારનાર શખ્સોએ સીસીટીવી મેળવ્યા હોવાનું જણાવેલ મળેલ છે જ્યારે આ ગંભીર ઘટના બની બની છે ૨૪ કલાક આ ધમધમતો આ રોડ હોય અને આ બનાવ બનતા લોકોમાં પણ ભયનો માહોલ સર્જાયો છે જ્યારે અસામાજિક તત્વો આતંક ફેલાવતા હોય તેવા દ્રશ્ય જોવા મળ્યા છે આ સીસીટીવી ફૂટેજમાં એક યુવાન નીચે પડી ગયો તેના પર લાકડી વડે ઢોર માર મારવામાં આવ્યો છે આવા અસામાજિક તત્વો પર કાયદાનું ભાન કરવું જરૂરી બન્યું છે જેથી ફરી આવો બનાવના બને અને આવા લોકો પર કાયદાનો સકંજો જરૂરી બન્યો છે તેવી લોકો માંગ ઉઠી છે.

# જામવણથલી રેલ્વે સ્ટેશન: ગુજરાતના હૃદય સ્થળ સાથે નવો સંપર્ક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા ૧૩૦૦થી વધુ સ્ટેશનોમાં જે ૧૦૩ સ્ટેશન હમણાં જ બનીને તૈયાર થયા છે, આ સ્ટેશનો પર ભવ્ય પ્રવેશદ્વાર, આકર્ષક ફસાડ, હાઈ માસ્ટ લાઈટિંગ, આધુનિક પ્રતિક્ષાલય, ટિકિટ કાઉન્ટર, મોર્ડન ટોયલેટ અને દિવ્યાંગજનો માટે સુગમ રેમ્પ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. પ્લેટફોર્મ પર શેલ્ટર, કોચ ઈન્ડિકેશન સિસ્ટમ અને માહિતી માટે ડિજિટલ ડિસ્પ્લે લગાવવામાં આવ્યા છે.

જામનગરથી લગભગ ૩૧ કિલોમીટર દૂર આવેલું જામવણથલી રેલ્વે સ્ટેશન લાંબા સમયથી ગુજરાતના રેલ્વે નેટવર્કમાં એક નાનું પરંતુ મહત્વપૂર્ણ સ્ટોપેજ તરીકે સેવા આપી રહ્યું છે. કૃષિ સમૃદ્ધિ માટે જાણીતા આ વિસ્તારમાં ઊંડે સુધી સમાયેલું આ સ્ટેશન હવે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ તેના વ્યાપક પરિવર્તન પછી એક નવી ઓળખ સાથે ઉભરી આવ્યું છે. પુનર્વિકાસનું કામ ૩ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે હાથ ધરવામાં આવ્યું છે, જેને સ્ટેશનની પ્રાદેશિક સુસંગતતા જાળવી રાખીને મુસાફરોની સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓને સુધારવા માટે વિચારપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યું છે.

અગાઉ મર્યાદિત મુસાફરોવાળું એક સાદું સ્ટોપેજ સ્થળ, જામવણથલી રેલ્વે સ્ટેશન, જેને હાલમાં -૫ કેટેગરીના સ્ટેશન તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, હવે એક આધુનિક, સમાવિષ્ટ અને કાર્યક્ષમ પરિવહન કેન્દ્ર તરીકે ફરીથી કલ્પના કરવામાં આવ્યું છે. નવીનીકરણમાં આરામ, પહોંચ અને સૌંદર્ય શાસ્ત્ર પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવ્યું છે, જેથી તમામ મુસાફરો માટે એક બહેતર અનુભવ સુનિશ્ચિત કરી શકાય.

સ્ટેશનના પુનર્વિકાસનું એક મુખ્ય આકર્ષણ સ્ટેશન બિલ્ડિંગની અંદર એક અદ્યતન વાતાનુકૂલિત પ્રતિક્ષાલયની જોગવાઈ છે, જે મુસ-ફરો માટે શાંત અને આરામદાયક જગ્યા પ્રદાન કરે છે. નવા પ્રવેશદ્વારના નિર્માણ સાથે સ્ટેશનના આગળના ભાગને સંપૂર્ણપણે પુનર્જીવિત કરવામાં આવ્યો છે. આ માળખું માત્ર સ્ટેશનના દ્રશ્ય આકર્ષણને વધારે છે એટલું જ નહીં, પરંતુ મુસાફરોને સરળતાથી ચઢાવવા અને ઉતારવા માટે છાંયડાવાળી અને સુવ્યવસ્થિત વાહન લેન પ્રદાન કરીને એક વ્યવહારુ હેતુ પણ પૂરો પાડે છે. સુધારેલો પ્રવેશદ્વાર સ્ટેશનને એક ગૌરવપૂર્ણ દેખાવ આપે છે, જે તેના વધતા જતા મહત્વને અનુરૂપ છે. મુસાફરોની અવરજવરને વધુ સુવ્યવસ્થિત કરવા માટે, પરિભ્રમણ અને પાર્કિંગ વિસ્તારોને સંપૂર્ણપણે નવો દેખાવ આપવામાં આવ્યો છે. સુવ્યવસ્થિત પાર્કિંગ, સમર્પિત લેન અને રાહદારી માર્ગો સાથે, સ્ટેશન હવે મુસાફરો માટે વાહનોના સરળ પ્રવાહ અને સલામત પહોંચની સુવિધા પૂરી પાડે છે. આ સુધારાઓના પૂરક તરીકે સમગ્ર પરિસરમાં નવા સાઈનેજ લગાવવામાં આવ્યા છે, જે મુસાફરોને સ્પષ્ટતાથી માર્ગદર્શન આપે છે અને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરે છે.

નવા ડિઝાઈનને સુગમતાને સૌથી આગળ રાખવામાં આવી છે. દિવ્યાંગજનોને અનુકૂળ માળખાકીય સુવિધાઓ, જેમાં સુગમ્ય સંકેતો અને બે પૈડાવાળા વાહનો માટે સમર્પિત પાર્કિંગ સ્થળોનો સમાવેશ થાય છે, તે સુનિશ્ચિત કરે છે કે સ્ટેશન બધા માટે આવકારદાયક છે. દિવ્યાંગજન મુસ-ફરો માટે સમર્પિત સુવિધાઓ સહિત આધુનિક, વિશાળ શૌચાલય બ્લોક્સ રજૂ કરવામાં આવ્યા છે, જે સમગ્ર સ્ટેશનમાં સ્વચ્છતા અને સગવડતા સુનિશ્ચિત કરે છે. આ સુવિધાઓ સમાવેશકતા અને સાર્વત્રિક ડિઝાઇન પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પોતાના પુનરુત્થાન દ્વારા જામવણથલી રેલ્વે સ્ટેશન હવે વિચારશીલ વિકાસના પ્રતીક તરીકે ઊભું છે, જે આધુનિક મુસાફરીના ભવિષ્યને અપનાવીને પોતાની પરંપરાગત જડોનું સન્માન કરે છે. સુધારેલી સુવિધાઓ, એક તાજી સ્થાપત્ય ઓળખ અને સમાવેશકતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે આ સ્ટેશન ગુજરાતના વિકસતા રેલવે પરિદ્રશ્યમાં પ્રગતિનું એક ગૌરવપૂર્ણ પ્રતીક બની ગયું છે.

રેલનું પૈડું દેશના વિકાસનું પૈડું છે. રેલ્વે સ્ટેશન વિકાસના રથ પર સવાર દેશના મુખ્ય કેન્દ્રો છે. ભારતીય રેલ અને રેલ્વે સ્ટેશનોની પ્રગતિમાં દરેક ભારતીયની સહભાગિતા છે. આ સહભાગિતાને વધુ મજબૂત કરવાની છે. તેમની હિફાજત કરવી, તેમને સ્વચ્છ રાખવા એ પણ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

# એકતા મિત્ર મંડળ દ્વારા રાંદલમાતાજીના ૧૦૮ લોટાનું તથા રામમંડળનું આયોજન: મિત્ર મંડળનો ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

એકતા મિત્ર મંડળ દ્વારા આયોજીત માં ભગવતી રાંદલમાતાજીના ૧૦૮ લોટાનું તથા રામમંડળનું આયોજન અને મિત્ર મંડળનું ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે જેથી રામ રણુંજા શેરી નં-૩ કોઠારીયા રોડ રાજકોટ ખાતે તા. ૩૧ /૦૫/૨૦૨૫ ના રોજ રાત્રે નામાંકિત વચલી ઘોડી વાળાનું રામામંડલનું સાંજે ૮ કલાકથી ૧૨ કનેયા ચોક,રણુંજા મંદીર સામે કોઠારીયા રોડ રાજકોટ ખાતે આયોજન રાખેલ છે.

ત્યાર બાદ તા. ૦૧/૦૬/૨૦૨૫ ના રોજ ભગવતીમાં રાંદલ માતાજીના ૧૦૮ લોટાનો કાર્યક્રમ સવારે ૭થી રાખેલ અને ગોરણી પ્રસાદ ૧૧થી વધુ લાભ લેશે જે સમય સવારે ૧૧થી ૨ રહેશે. સાંજે માં ભગવતી રાંદલમાંનો ઘોડાનો સમય સાંજે ૪ થી ૬ તથા મહાઆરતી ત્યારબાદ રાસ ગરબાની રમજટ બોલાવશે.

### કચ્છની ગૌમાતા સંકટમાં, રાજકોટના આંગણે

# કામધેનુ લાડવા ગ્રુપ ની રાજકોટવાસીઓ અને દેશવાસીઓને અપીલ... કચ્છમાં પાણી અને ચારા વિના તરફડી રહ્યું છે અબોલ ગૌધન!

### રતનપર બાદ, ન્યારા ગામના પાટિયા નજીક કચ્છના હિજરતી ગૌપાલકોનો પડાવ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અરે ભાઈ! કુદરતી આપતિ આવી પડી છે. કચ્છમાં વરસાદ નથી. છેલ્લા દોઢ મહિનાથી ઘાસચારો પણ ખુટયો છે. દિન-પ્રતિદિન નજર સામે અબોલ ગૌધન તરફડી- તરફડી શ્વાસ છોડતુ જાય છે તે હવે જોવાતું નથી' તેમ કહી આંખમાંથી આંસુઓ સાથે કચ્છના હિજરતી માલધારીઓએ અછતગ્રસ્ત સ્થિતિનું બયાન રજુ કર્યું હતું. રાજકોટના સિમાડે છેલ્લા ત્રણ દિવસથી આશ્રય લઈ રહેલા ૪૦થી વધુ કચ્છી ગૌપાલકો માટે પોતાના ૧૦૦૦ અબોલ ગાયોના નિભાવ આગામી ચોમાસા સુધી કઈ રીતે થઈ શકશે તે મુંજવણ સતત તેમના બોલમાં રણકતી રહી હતી.

રાજકોટના આંગણે રતનપર બાદ ન્યારા ગામના પાટીયા પાસે ગાયોના ધણ સાથે કચ્છના માલધારીઓ આવી પહોંચ્યા છે. ઉપર આભ અને નીચે ધરતી જેવી સ્થિતિમાં ભગવાન ભરોસે પોતાની ગાયોને લઈને આવી પહોંચેલા આ માલધારીઓએ આજે પોતાની પીડા વ્યક્ત કરી જણાવ્યું હતું કે કચ્છમાં વરસાદ નથી. છેલ્લા બે મહિનાથી ઘાસચારો પણ ખુટી પડયો છે. પાંજરાપોળ અને ગૌશાળા પાસે આ પશુધનને સાચવવાની ક્ષમતા નથી. પરિણામે કાઠીયાવાડમાં હીજરત કરવી પડી છે.

માલધારીઓ પોતાના દૂધાળા ઢોરની ગરીબડી હાલતનો ચિતાર આપીને જણાવ્યું હતું કે કચ્છમાં ઘાસચારાના અભાવે પાંચ-છ દિવસે એક ઢોર ભુખમરાથી મરી જાય છે તે સ્થિતિ નજર સામે જોયા પછી પોતાના વતન સમી ધરતીને જાજા જુહાર કરીને નીકળી ગયા છીએ. હવે ચોમાસા સુધી હીજરતીની જેમ કાઠીયાવાડથી માંડીને વલસાડ સુધી રખડયા કરીશું. અમારા કુટુંબ-કબીલા પણ સાથે છે. આ પશુધન અમારા દીકરા-દીકરીઓ જેવા છે તેને છોડીને અમે જીવી ન શકીએ તેથી તેને હારે લઈને નીકળી પડયા છીએ.

કચ્છના સરહદી વિસ્તારમાં આવેલા અબડાસા, રાપર અને નખત્રાણા તાલુકાના તમામ અબોલ જીવોની સ્થિતિ વરસાદના વિના ચિંતાજનક છે તેમ કહી તેઓએ ઉમેર્યું હતું કે કચ્છમાંથી હજુ ૨૫૦૦ જેટલા બીજા અબોલ પશુઓને લઈને માલધારી મોરબીના મારગથી અહીં આવી રહ્યા છે. અહીં રાજકોટની આજુબાજુ જ્યાં પીવાનું પાણી મળી રહેશે. ત્યાં પડયા રહીશું. કચ્છમાં તો નથી ઘાસચારો કે નથી પીવાનું પાણી.

અબોલ જીવો તરફડી તરફડીને જીવ ગુમાવતા જાય છે. સરકારે ઘાસડેપો ખોલવાની વાતો કરી છે પણ હજુ પાંજરાપોળ અને ગૌશાળા સુધી આ ઘાસચારો પહોંચ્યો નથી. રાહતની વાતો માત્ર કાગળ ઉપર છે. જેને કારણે પાંજરાપોળ અને ગૌશાળાના સંચાલકોએ ઘાસચારો લેવા માટે મોરબી અને રાજકોટ સુધી લાંબુ થવું પડે છે. કચ્છમાં કોઈ પ્રકારની સહાય મળતી નથી. તેથી અહીં જામનગર રોડ ઉપર ન્યારા ગામના પાટીયા પાસે પડાવ નાખ્યો છે.

કચ્છ ઉપર કુદરત રૂઠી છે પરંતુ કાઠીયાવાડની ધરતીમાં ખમીર હજુ ઓસર્યુ નથી. તેથી સાધુ-સંતો શ્રેષ્ઠીઓ, દાતાઓ અને જીવદયા પ્રેમીઓની મદદ મળી રહેશે તેવી લાગણી માલધારીઓએ વ્યક્ત કરી હતી.

વધુ વિગત માટે સંપર્ક રાજુભાઈ પારેખ ૯૮૨૫૨ ૭૪૦૨૭, ધર્મેશભાઈ જોગીયા ૯૮૨૫૩૬૦૨૬૪, અરવિંદભાઈ રાણપરા ૯૮૨૪૨ ૧૭૮૩૭, નલીનભાઈ શિંગાળા ૯૯૯૮૮ ૭૧૭૫૨, કિરીટભાઈ કંસારા ૯૩૨૮૮ ૧૦૧૦૧ નો સંપર્ક કરવો.

# પેડક રોડ પર શિવપુષ્ટિ પાર્ક વોકિંગ કરવા નીકળેલા વૃધ્ધાને સમડીએ નિશાન બનાવ્યા

### પુત્રવધૂ સાથે સેટેલાઈટ ચોક પાસે વોકિંગ કરી રહ્યા હતા ત્યારે જ બે શખ્સે ૧.૬૦ લાખના સોનાના ચેઈનની કરી ચીલઝડપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પોલીસે બે દિવસ પહેલાં જ અલગ-અલગ ચાર વિસ્તારમાં મહિલાઓ તેમજ વૃદ્ધાના ગળામાં ઝોંટ મારી સોનાના ચેઈનની ચીલઝડપ કરનાર સગીર સહિત ત્રણ શખ્સોને પકડયા બાદ વધુ એક સમડીએ લખણ ઝળકાવીને વૃદ્ધાના ગળામાંથી ૧.૬૦ લાખના સોનાના ચેઈનની ચીલઝડપ કરી હોવાનું સામે આવ્યું હતું. ?

આ અંગે આડા પેડક રોડ પર શિવપુષ્ટિ પાર્ક શેરી નંરમાં રહેતા વિજયાબેન ચંદુભાઈ દેસાઈ (ઉ.વ.૫૮)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે શનિવારે રાત્રે નવેક વાગ્યા આસપાસ તેઓ પુત્રવધૂ રિન્કુબેન સાથે ઘરેથી વોકિંગ કરવા માટે નીકળ્યા હતા. ચાલતાં-ચાલતાં બન્ને ૯:૩૦ વાગ્યા આસપાસ સેટેલાઈટ ચોકથી આગળ મારૂતિ ચોક, ૫૦ ફૂટ રોડ પર ઘર નજીક પહોંચ્યા કે અચાનક જ એક મોટર સાઈકલ પર બે શખસો ધસી આવ્યા હતા અને પળવારમાં ગળામાં ઝોંટ મારી ૨૫ ગ્રામનો સોનાનો ચેઈન લઈ અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. આ બન્ને ૨૫થી ૩૦ વર્ષની ઉમરના હોવાનું અને વૃદ્ધા જોયે ઓળખી જાય તેમ હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

# ઈપ્સા (ડીપ્લોમાં ઇન આર્કિટેક્ચર), રાજકોટ ખાતે એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ ડીપ્લોમાં કોર્સીસ (ACPDC) માર્ગદર્શન સેન્ટરનો વિધિવત પ્રારંભ

### સૌરાષ્ટ્ર-કચ્છની એકમાત્ર એવી ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી સંલગ્ન વી.વી.પી.સંચાલીત ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર(ડીપ્લોમાં ઇન આર્કિટેક્ચર)ખાતે પ્રવેશ માર્ગદર્શન સેન્ટર શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વી.વી.પી.સંચાલીત ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર ખાતે બેચલર ઓફ આર્કિટેક્ચર (ડીપ્લોમાં ઈન આર્કિટેક્ચર)ના અભ્યાસક્રમમાં પ્રવેશ હેતુંની પ્રક્રિયા ચાલુ થઇ ગયેલ છે આ સંદર્ભે ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર (ડીપ્લોમાં ઈન આર્કિટેક્ચર) ખાતે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના એકમાત્ર એવા સુવિધાસભર હેલ્પ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૨૫-૨૬ ના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ ઇચ્છતા ઉમેદવારોને પ્રવેશ સંદર્ભેનું તલસ્પર્શી માર્ગદર્શન આપવામાં આવી રહેલ છે. સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ, ડો. નવીનભાઈ શેઠ તથા આચાર્ય આર્કિ.દેવાંગ પારેખે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓને કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા તથા પ્રવેશ માર્ગદર્શન માટે ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર(ડીપ્લોમાં ઇન આર્કિટેક્ચર), કાલાવડ રોડ, મોટેલ ધી વિલેજ સામે, વાજડી-વીરડા, રાજકોટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૯૧૦૪૫ ૨૩૫૨૨ પર સવારે ૯ થી સાંજે ૫ દરમ્યાન સંપર્ક સાધવા અનુરોધ કર્યો છે.

# કુચિયાદડ પાસે બે ટ્રક વચ્ચે અકસ્માત ચાલક યુવકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા કુચિયાદળ ગામ પાસે બે ટૂંક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ગભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગેની વિગત મુજબ કાલાવડ તાલુકાના અરલી ગામે રહેતા રૂપસિંહ રામસંગ ઝાલા નામનો ૪૦ વર્ષનો યુવાન પોતાનો ટ્રક લઈને રાજકોટ નજીક આવેલા કુચિયાદડ ગામે જતો હતો ત્યારે કુચિયાદડ ગામ નજીક અજાણ્યા ટ્રક સાથે રૂપસિંહ ઝાલાનો ટ્રક અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ટ્રક ચાલક રૂપસિંહ ઝાલાને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે એરપોર્ટ પોલીસને જાણ કરતા એરપોર્ટ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. એરપોર્ટ પોલીસ મથકના એએસઆઈ ગણપતભાઈ રાઠવા સહિતના સ્ટાફે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વોટસન મ્યુઝિયમ ખાતે ગુજરાતના પ્રાચીન પરંપરાગત દરવાજાની તસવીરોનું પ્રદર્શન યોજાશે

### વઢવાણ, સિધ્ધપુર પાટણ સહિત સ્થળોની પ્રાચીન ઝલક નિહાળવા વોટસન મ્યુઝિયમની મુલાકાત લેવા આમંત્રણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વોટસન મ્યુઝિયમ રાજકોટ દ્વારા આંતરરાષ્ટ્રિય મ્યુઝિયમ દિનની ઉજવણી કરાશે. જે અંતર્ગત રાજકોટના તસવીરકાર એશ્કોલ મોઝિસના કેમેરામાં કંડારાયેલ જેસલમેર તેમજ ગુજરાતના પ્રાચીન પરંપરાગત દરવાજાની તસવીરોનું પ્રદર્શન યોજાશે. જેમાં વઢવાણ, સિહોર, સિધ્ધપુર પાટણના પ્રાચીન મકાનો, હવેલીઓ, મંદીરોના ભવ્ય સાંસ્કૃતિક વારસાની ઝાંખી જોવા મળશે. કલાત્મક દરવાજાઓની તસવીરોનું પ્રદર્શન તા.૧૮ થી ૨૦મે સુધી ગોઠવવામાં આવશે. ગુજરાત સરકારના પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા દ્વારા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો દર્શાવવા અને સંસ્કૃતિના વારસારુપ કલાત્મક નમુનાઓના સંરક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવાય, લોકોનો કલા પ્રવૃતિમાં રસ ઉત્પન્ન થાય એ હેતુથી આંતરર-ાષ્ટ્રિય મ્યુઝિયમ દિનની ઉજવણી અંતર્ગત વિવિધ શૈક્ષણિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થઇ રહ્યું છે. આ પ્રસંગે મ્યુઝિયમની મુલાકાતે આવેલા મુલાકાતીઓ માટે દરરોજ સાંજે ૪ કલાકે મ્યુઝિયમની ડોક્યુમેંટરી ફિલ્મ દર્શાવવામાં આવશે. આંતરરાષ્ટ્રિય મ્યુઝિયમ દિનની ઉજવણી અંતર્ગત આયોજીત કલાત્મક દરવાજાઓની તસવીરોનું પ્રદર્શન નિહાળવા રાજકોટની કલાપ્રિય જનતાને જાહેર આમંત્રણ છે.

# ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિમાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં રાજકોટ મહાનગરપાલિકાની સંકલન સમિતિની બેઠક યોજાઈ

### શહેરના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં રાજકોટ શહેરના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આજ તા.૧૭-૦૫-૨૦૨૫ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રાજકોટ મહાનગરપાલિકાની સંકલન સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં વિધાનસભા-૭૦ના માન. ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા દ્વારા કરવામાં આવેલ ફરિયાદ/પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુચના આપી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધારાસભ્યશ્રીઓ માટે ઓનલાઇન પોર્ટલ/ડેશબોર્ડ બનાવ્યું છે, જેમાં તમામ ધારાસભ્ય કોઈપણ સ્થળે બેઠા-બેઠા રાજકોટ મહાનગરપાલિકા લગત ફરિયાદ/પ્રશ્ન/રજૂઆત કરી શકે છે. સાથોસાથ લગત ફોટો પણ અપલોડ કરી શકે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફરિયાદ/પ્રશ્ન/રજૂઆત અંગે થયેલ કામગીરીની વિગતવાર અહેવાલ તેમજ જરૂરી ફોટો પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે જેથી ધારાસભ્યઓને યોગ્ય જાણકારી મળી રહે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોર્ટલ/ડેશબોર્ડ બનાવવામાં આવ્યું છે જેના થકી ધારાસભ્યઓ દ્વારા કરવામાં આવતી ફરિયાદ/પ્રશ્ન/રજૂઆતનું મોનિટરિંગ કરી શકાશે અને તેના નિરાકરણ અંગે સ્ટેટસ પણ જાણી શકાશે.

આ સંકલન બેઠકમાં વિધાનસભા-૭૦ના ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ પ્રાણી રંજાડ શાખા અને બાંધકામ શાખા લગત ત્રણ પ્રશ્નો રજુ કર્યા હતા જે તમામ પ્રશ્નોનું મ્યુનિસિપલ કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને નિરાકરણ કરવામાં આવેલ તેમજ ધારાસભ્યશ્રી દ્વારા અન્ય ફાયર શાખા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા અને દબાણ હટાવ શાખાના લગત પ્રશ્નોની રજૂઆત




ઓફલાઈન કરવામાં આવેલ. આ તમામ પ્રશ્નો અંગે સત્વરે યોગ્ય નિરાકરણ લાવવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સંબંધિત વિભાગોના અધિકારીઓને સૂચના આપી હતી.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં વિધાનસભા-૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, ચેતન નંદાણી, હર્ષદ પટેલ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેરમાં ગુનેગારો પર પોલીસ તંત્ર તુટી પડ્યું: ૩૮ બૂટલેગરનાં ઘર પર બુલડોઝર ફેરવી દેવાયું







તસવીર : આનંદ જાવીયા

## વહેલી સવારે ૫૫ જેટલાં ગેરકાયદે દબાણો દૂર કરાયાં; લૂંટ અને મારામારી-પ્રોહિબિશન સહિતના આરોપીઓએ કબ્જો કર્યો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકારના ગૃહ વિભાગ તરફથી ગુનેગારોનાં ગેરકાયદે દબાણો દૂર કરવા માટે રાજ્યભરની પોલીસને આપવામાં આવેલી સૂચના અન્વયે વહેલી સવારથી રાજકોટ શહેર પોલીસ દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક સાથે ૩૮ બૂટલેગરોનાં ૫૫ જેટલાં ગેરકાયદે દબાણો તોડી પાડવામાં આવ્યાં છે. પોલીસે વહેલી સવારે ૭ વાગ્યાથી રાજકોટ મહાનગર પાલિકા તેમજ પીજીવીસીએલના અધિકારીઓને સાથે રાખી ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને કુલ ૩૮ ગુનેગારે ૬.૫૨ કરોડ કિંમતના ૨૬૧૦ ચોરસ મીટર જગ્યા પર કરેલાં દબાણને દૂર કરવામાં આવ્યાં છે.

જે વિસ્તારમાં ડિમોલિશન કરવામાં આવ્યું છે તે રૈયાધાર પરશુરામ ટેકરી નજીક કરાયું છે. અહીં રાજકોટ સ્માર્ટ સિટી પણ આકાર લઇ રહ્યું છે અને સ્માર્ટ વિસ્તારમાં ગુનેગારોએ કરેલા દબાણને દૂર કરવા માટે પોલીસ અને મનપા તંત્ર દ્વારા સંયુક્ત કામગીરી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગત શુક્રવારે પણ ડીસીપી ઝોન ૨ વિસ્તારમાં આવેલ આરોપી અજય માનસિંગ પરસોંડાના ઘર પર પણ બૂલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું, જે પોપટપરા શેરી નંબર ૧૪માં આવેલ મકાન હતું. આરોપી વિરુદ્ધ અપહરણ, મારામારી, ચીલઝડપ, રાયોટિંગ, વાહનચોરી સહિતના ગુના નોંધાઈ ચુક્યા છે.

ડીસીપી ઝોન ૨ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, કે, ગૃહમંત્રી અને સાહેબની સૂચના હતી કે રાજકોટ શહેરમાં જે વારંવાર ગુના કરવાની ટેવ વાળા અસામાજીક તત્વો છે તેમની યાદી તૈયાર કરવામાં આવે. સાથે તેમના ગેરકાયદે વીજ કનેક્શન કાપવામાં આવે અને ગેરકાયદે બાંધકામ દુર કરવામાં આવે. આ સૂચનાના ભાગરૂપે યુનિવર્સિટીમાં પોલીસ સ્ટેશનમાં ૩૮ જેટલા ગુનેગાર છે તેના ૫૫ કરતા વધુ ગેરકાયદે બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવી છે. આ આરોપીઓ વિરુદ્ધમાં હત્યા, હત્યાનો પ્રયાસ, ઘાડ, લૂંટ, મારામારી અને પ્રોહિબિશન સહિતના ગુના નોંધાયેલા છે. અમુક આરોપીઓ સામે ૧૦થી વધુ ગુના દાખલ થયેલા છે અને પાસાની કાર્યવાહી પણ થયેલી છે. જે અસામાજીક તત્વો છે તેમની કમરતોડી પાડવા માટે હાલ કાર્યવાહી ચાલી રહી છે. ભવિષ્યમાં કોઈ વારંવાર ગુના કરશે તો તેમના વિરુદ્ધ પણ આવી જ રીતે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ‘શોખીન’ કારખાનેદારો માટે ‘મોંઘેરો’ દારૂ લાવનાર બુટલેગર ઝડપાયો

### રાજસ્થાનથી ખેપ મારી રાજકોટમાં વેચે તે પહેલાં જ ઝોન-૧ એલસીબીએ પકડ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ‘‘શોખીન’ કારખાનેદારો માટે મોંઘેરા દારૂની રાજસ્થાનથી ખેપ મારીને લાવ્યા બાદ તેની સપ્લાય કરે તે પહેલાં જ પકડાઈ ગયો હતો. ઝોન-૧ એલસીબીના પીએસઆઈ બી.વી. ચુડાસમા, એએસઆઈ ભરત વાઘેલા ઉપરાંત સત્યજીતસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા સહિતની ટીમે મોરબી રોડ પર જમના પાર્ક શેરી નં.૪માં આવેલા



મકાનમાં દરોડો પાડી સ્કોચ કેટેગરીની ૨૪ બોટલ સાથે યશ ઉર્ફે કાનો ચંદ્રેશભાઈ બુસા (ઉ.વ.૨૪)ને પકડી લીધો હતો. પૂછપરછમાં જણાવ્યા પ્રમાણે યશ રાજસ્થાનથી દારૂનો આ જથ્થા રાજકોટ લાવ્યો હતો અને અહીં માત્ર કારખાનેદારો કે જેઓ આ મોંઘેરો દારૂ પીવાના શોખીન હોય તેમને જ સપ્લાય કરતો હતો. અગાઉ પણ તે આ પ્રકારે અનેક વખત ખેપ મારીને રાજકોટમાં દારૂ લાવ્યો હતો અને તેનું વેચાણ કર્યું હતું પરંતુ પોલીસના ધ્યાન પર આવ્યું ન્હોતું. યશ અગાઉ થરાદ રહેતો હતો અને ત્યાંથી દારૂનો ધંધો જમાવવા રાજકોટ આવ્યો હોવાનું સામે આવ્યું હતું.

# લોઠડા ગામે ફેરી કરવા ગયેલા યુવકનું અપહરણ કરી પિતા-પુત્ર સહિત ચાર શખસોએ હત્યા કરી

## જામગઢમાં વાડીએ સુતેલા યુવકને અજાણ્યા શખસોએ તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી પતાવી દીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ની ભાગોળ આવેલા લોઠડા ગામે ફેરી કરવા ગયેલા યુવકને પિતા-પુત્ર સહિત ચાર શખસોએ અપહરણ કરી ઢીકાપાટુનો માર મારી તીક્ષણ હથિયાર વડે હુમલો કરી ઢીમ ઢાળી દીધું હતું. તેમજ જાનગઢમાં વાડી સુતેલા યુવકે કોઈ અજાણ્યા શખસોએ હથિયારના થા ઝીંકી મોતને વા ઉતાર્યો હતો.હાલ બનાવ અંગે આજીડેમ અને કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

આ અંગેની માહિતી મુજબ લાપાસરી ગામની સીમમાં આવેલ ધનાભાઈના ઈટના ભઠ્ઠામાં રહેતા બચુભાઈ ભદુભાઈ સોલંકીએ આજીડેમ પોલીસમાં લોઠડાના પરબત ભીમાભાઈ કોળી, તેનો પુત્ર અને ઈકો, બાઈકમાં આવેલ અજાણ્યા રાખસો તથા તપાસમાં ખુલે તેતમામ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યુ હતું કે તા.૧૭ના તેનો નાનો ભાઈ ગોપાલ તેનું બાઈક લઈ લોઠડા ગામે કાન-નાક વિંધવાનું અને કટલેરી વેચવા ફેરી કરવા ગયો હતો. સાંજે પરત ઘરે આવતા નાનોભાઈ ઘરે આવ્યો ન હોવાથી તેના પત્નિ પુછ્તા તે કામ ઉપરથી આવ્યા ન હોવાનું જણવેલ હતું. જેથી ગોપાલને ફોન કરતા સ્વીચ ઓફ આવતો હતો. મોડી રાત સુધી ઘરે આવ્યો ન હતો.બાદ બીજા દિવસે સવારે હું તથા બાજુમાં રહેતા મામાના દિકરા તથા તેનો ભત્રીજો સહિતના લોઠડા ગામે તપાસ કરવા જતા જાણવા મળ્યું કે ગોપાલ પરબતના ઘરે ગયેલ ત્યારે ઝઘડો થતા તેને ઉપરોકત લોકોએ માર માર્યો હતો.ત્યાંથી ઈકો ગાડીમાંનાખી સાથે બે બાઈકમાં અમુલ લોકો ગામની વીડીમાં લઈ જઈ મારમારી હથિયાર વડે હુમલો કરી નાશી છુટવા હતા.બાદ નાનોભાઈ બેભાન હાલતમાં પડેલ હોવાથી કોઈએ ૧૦૮ને જાણ કરતા ઈએમટી સહિતનાએ તપાસી મૃત જાહેર કરી આજીડેમ પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા

### કુવાડવા અને આજીડેમ પોલીસે તપાસ હાથ ધરી બે સગીર સહિત ચારને સકંજામાં લીધા

મળતાં જેથી આજીડેમ પોલીસ મથકે જઈ તપાસ કરતા તેઓએ સિવિલ હોસ્પિ.જવાનું કહેતા ત્યાં ગયેલ હતા.હાજર સ્ટાફે મૃતદેહ બતાવેલ જે મારા ભાઈની હોવાની મે ઓળખી બતાવી હતી. તેના શરીરે આડેધડ મારકુટ કરી હથિયારના ઘા ઝીંક્યા હોવાથી મોત નિપજયું હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરતા બે સગીર સહિત ચારને હાથવેતમાં લઈ તપાસ હાથ ધરતા મૃતક આરોપી પરબતના થરે કાન વિંધવા ગયો હતો. અને ત્યાં કાન વિંધવામાં સોનાની બુટી કાઢી લીધી હોવાની શંકાએ ચારેય મારમારી તીક્ષણ હથિયારના થા ઝીંકી ઢીમ ઢાળી દીધું હોવાનું જાણવા મળતા હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જામગઢ ગામે રહેતા અને ખેતીવાડી કરતા વિનુભાઈ ઉર્ફે વિનો વેલાભાઈ વાવડીયાએ કુવાડવા રોડ પોલીસમાં અજાણ્યા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે અમો ચાર ભાઈ-બહેન છીએ. જેમાં નાનો મુકેશ વેલાભાઈ વાવડીયા ઉ.૩૩ હતો.પરિવાર સાથે જમી મુકેશ બહાર ગયો હતો.અને રાત્રીના વાડીએ સુવા જતો રહે છે. હું પણ જમીને ગામમાં પાનની કેબીને બીડી લેવા ગયો હતો.અને થોડીવાર ત્યાં બેસી પરત ઘરે આવી સુઈ ગયેલ સવારે ૬ વાગ્યે ચા-પાણી પી ગાયને દોઈ સવારે ૭ વાગ્યે ઘરેથી વાડીએ ગયેલ ત્યારે ભાઈ મુકેશ વાડીએ ખાટલા ઉપર લોહી લુહાણ હાલતમાં પડેલ તેને મોઢે-આંખે અને કપાળના ભાગે તીક્ષણ હથિયારના થા ઝીંકયા હોવાના નિશાન જોવા મળ્યા હતા.જેથી પત્નિને વાત કરી ધનજીભાઈને વાડીએ આવવાનું કહેતા તેઓ આવી ગયેલ બાદ મેં મારા ફોનમાંથી પોલીસ અને ૧૦૮ને જાણ કરતા ઈએમટી સહિતનો સ્ટાફ દોડી ભાઈ મુકેશને તપાસી મૃત જાહેર કર્યો હતો.જેથી પોલીસે મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડયો હતો.

આમ કોઈ અજાણ્યા શખસોએ નાનોભાઈ વાડીએ સુતો હતો ત્યારે તીક્ષણ હથિયારના ઘા ઝીંકી હત્યા નિપજાવ્યા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માતાજીના માંડવામાંથી શખ્સ સગીરાને વાડીમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યુ

### પોલીસે શખસ સામે પોકસો હેઠળ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા ગામે રહેતી પરિણીતાએ કુવાડવા રોડ પોલીસમાં વાંકાનેર તાલુકાના કણકોટ ગામે રહેતા જયેશ સોરાણી સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ત્રણ દિવસ પૂર્વે સાસુ અમારા ઘરે આવ્યા હતા.અને ગામમાં માતાજીનો માંડવો હોય જેમાં જવા માટે પુછ્તા અમોએ ના પાડેલ જેથી સાસુએ છોકરાવએ આવુ હોય તેને લેતી જાવ પુછ્તા ત્રણેય છોકરાઓ હા પાડેલ જેથી બન્ને પુત્રી અને પુત્ર સાસુ સાથે ગયેલ હતા.બાદ સાડા દસેક વાગ્યા આસપાસ સાસુનો પતિને ફોન આવ્યો અને પુત્રી ઘરે આવી છે કે કેમ પુછ્તા જેથી પતિએ ના પાડેલ અને પુછેલ કે શું થયું તો સાસુએ કહ્યું કે તેણીને બહેનપણી સાથે બેસવું છે કહી ને ગઈ હતી.પરંતુ હજુ સુધી આવેલ ન હોવાની વાત કરતા અમો દંપતિ માંડવામાં શોધખોળ કરવા ગયેલ પરંતુ કોઈ ભાળ મળી ન હતી.

બાદ બહેનપણીના ઘરે જઈ તપાસ કરતા તેણી તો માંડવા ન ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.બાદ મોડી રાત્રીના પુત્રી ઘરે આવતા તેને પુછ્તા તે કશું બોલી ન હતી.બીજા દિવસે ઘરના સભ્યો હાજર હોવાથી પુછ્તાછ કરતા તેણીએ કહ્યું કે કણકોટ ગામનો જયેશ સોરાણી જેને હું આઠ માસથી ઓળખું છું. અને વોટ્સએપમાં વાત કરી છીએ.તે પણ માંડવામાં આવ્યો હતો. અને તેની સાથે ધમલપર ગામ જતા એક વાડીમાં લઈ જઈ વાતચીત કરી કહ્યું કે હું તને બહુ પ્રેમ કરૂ છું. તારી સાથે લગ્ન કરવા માગું છું તારા વગર રહી નકું બાદ શરીર સંબંધ બાધંવાનું કહેતા તેણીએ ના પાડેલ છ્તાં દુષ્કર્મ આચરી બાદ ગામના પાધરમાં મુકી જતો રહ્યો હોવાની વાત કરેલ જેથી ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

## ચીલ ઝડપના ચાર ગુનાનો ભેદ ઉકેલાયા: લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન-૨ દ્વારા બે આરોપીની ધરપકડ, ૪.૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારોમાં થયેલી ચીલ ઝડપની ઘટનાઓને પગલે પોલીસ કમિશનર દ્વારા સત્વરે ગુનાનો ભેદ ઉકેલવા માટે આદેશ આપવામાં આવ્યા હતા. જેના પગલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન-૨ની ટીમે સઘન તપાસ હાથ ધરી હતી. પોલીસની ટીમે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન, ભક્તિનગર પોલીસ સ્ટેશન, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન અને માલવીયા નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચીલ ઝડપના ગુનાઓની તપાસમાં સફળતા મેળવી છે.

આ સફળ કામગીરી અંગે માહિતી આપતાં એસીપી પશ્ચિમ, રાજકોટ રાધિકા ભારાઈએ જણાવ્યું હતું કે પોલીસે આ ગુનાઓમાં સંડોવાયેલા સદામ ઉર્ફે મચ્છો કુરેશી તેમજ વિક્રમ માનસુરીયા નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. આ ઉપરાંત, એક સગીર વયના આરોપીની પણ અટકાયત કરવામાં આવી છે, જેને કાયદા મુજબ આગળની કાર્યવાહી માટે અદાલતમાં રજૂ કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓ પાસેથી ચીલ ઝડપમાં ગયેલો કુલ ૪,૬૧,૦૦૦નો મુદ્દામાલ પણ કબજે કર્યો છે, જે ગુનાનો ભોગ બનેલા લોકોને પરત સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસની આ સફળ કામગીરીથી શહેરમાં ચીલ ઝડપની ઘટનાઓ પર અંકુશ આવવાની શક્યતા છે. હાલમાં પોલીસ પકડાયેલા આરોપીઓની વધુ પૂછપરછ કરી રહી છે, જેથી અન્ય કોઈ ગુનામાં તેમની સંડોવણી છે કે કેમ તે અંગે માહિતી મેળવી શકાય.

# કોઠારીયાના ઈશ્વરપાર્કની યુવતીનો ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત

### બપોરે ઘરેથી નીકળી ગયા બાદ રાજકમલ ફાટક પાસે પગલું ભરી લીધું, કારણ અકબંધ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા પાસે ઈશ્વર પાર્કમાં રહેતી ૨૫ વર્ષી ય યુવતીએ બપોરે ઘરથી નીકળ્યા બાદ ગોંડલ રોડ પર આવેલી રાજકમલ ફાટકે ટ્રેન નીચે પડતું મૂકીને આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી હતી. યુવતીએ ક્યાં કારણોસર આ પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, ઈશ્વર પાર્કમાં રહેતી પ્રગતિ અશોકભાઈ વિકાણી ઉં.૨૫ નામની યુવતીએ ગઈકાલે બપોરે ૪૦૦ વાગ્યે ગોંડલ રોડ ઉપર આવેલી રાજકમલ ફાટક પાસે ગાંધીનગર-વેરાવળ રૂટની ટ્રેન હેઠળ પડતું મૂકી દેતા અહીં ઉભેલા વાહન ચાલકોમાં અરેરાટી મચી જવા પામી હતી. બનાવ અંગે જાણ થતા ૧૦૮ તેમજ માલવિયા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ અરુણ ચાવડા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અહીં ૧૦૮ ના તબીબે જોઈ તપાસી યુવતીને મૃત જાહેર કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે યુવતીના પિતા અશોકભાઈ શાકભાજીનો ધંધો કરે છે. બપોરે ઘરેથી નીકળ્યા બાદ તેણીએ આ પગલું ભરી લીધું હતું મૃતક પ્રગતિ ગ્રેજ્યુએટ સુધી અભ્યાસ કરેલ છે તેમજ બે બહેન એક ભાઈ માં મોટી હતી. બનાવની જાણ થતા જ યુવતીની માતાની તબિયત લથડી જવા પામી હતી ત્યારે આશાસ્પદ યુવતીના આપઘાતથી પરિવારમાં શોક છ્વાઈ જવા પામ્યા છે.

# સોનીબજારમાં બિમારથી કંટાળી નેપાળી પ્રૌઢનો આપઘાત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોનીબજારમાં આવેલ મારૂતિ પ્લાઝ કૉમ્પ્લેક્સમા ચોકદારી કરતાં નેપાળી પ્રૌઢે બીમારીથી કંટાળી ગળાફાંસો ખાઈ જિદગી ટૂંકાવી લેતા પરિવારમાં ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો હતો.

આ અંગેની મળતી માહિતી મુજબ, સોનીબજારમાં માંડવી ચોક પાસે આવેલ મારૂતિ રૂતિ પ્લાઝા કૉમ્પ્લેક્સમાં ચોકીદારી કરતાં ૫૪ વર્ષીય લક્ષ્મણ બલબાહદુર સોની નામના પ્રૌઢે રવિવારે મોડી રાત્રે કોમ્પલેક્ષની છ્તમાં આવેલી લોખંડની સીડીમાં દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. કૉમ્પ્લેક્સની બાજુમાં બાંધકામ સાઇડનું કામ ચાલુ હોય જેથી

વહેલી સવારે અહીં શ્રમિકો આવતાં છ્ત પર પ્રોઢને લટકતી હાલતમાં જોયા હતા.ઘટના અંગે જાણ થતાં એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ બનાવ સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પરિવાર પાસેથી જાણવા મળ્યા મુજબ, મૃતક લક્ષ્મણભાઈને એક વાર હાર્ટ એટેક આવી ગયો હતો. જે બાદ તેમની તબિયત સારી રહેતી ન હતી તેમજ તેઓ વારંવાર પરિવારને પગમાં દુખાવો થતો હોવાની પણ ફરિયાદ કરતાં હતા. ત્યારે પ્રૌઢે બીમારીથી કંટાળી આ પગલું ભરી લીધું હોવાની શંકા સેવાઈ રહી છે.

# રાજકોટના પરિવારને નડયો થાન નજીક અકસ્માત: દંપત્તીનું મોત, ત્રણ ઘાયલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના દૂધસાગર રોડ પર શિવાજીનગરમાં રહેતા પરિવારની કારને થાનગઢ નજીક અસ્માત નડતા વૃધ્ધ દંપત્તીનું મૃત્યુ નિપજ્યાની સાથે રહેતા પુત્ર-પુત્રવધુ, પૌત્રીને ઈજા થતાં સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લવાયા હતા.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ શિવાજીનગરમાં રહેતા પ્રેમજીભાઈ ગોવિંદભાઈ ઘાટલિયા (ઉ.વ.૬૫), તેમના પત્ની લાભુબેન (ઉ.વ.૬૦) તથા પુત્ર મહેશ, પુત્રવધૂ અસ્મિતા તથા પૌત્રી ખુશાલી (ઉ.વ.૮) પાંચેય રાજકોટથી કારમાં સુરેન્દ્રનગરના કોંઢ ગામે માતાજીના માંડવાના દર્શન કરવા જતા હતા. કાર મહેશ ચલાવતો હતો. થાનગઢ પાસે બંધ ટ્રેક્ટર પાછ્ળ કાર ઘૂસી ગઈ હતી.

કાર સ્પીડમાં હોય તેમ કારનો બુકડો બોલી ગયો હતો. અંદર સવાર પાંચેયને ઈજા થઈ હતી. પ્રાથમિક સારવાર બાદ રાજકોટ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં પ્રેમજીભાઈ તથા લાભુબેનને મૃત જાહેર કરાયા હતા. જ્યારે ખુશાલીને પગના ભાગે ફેક્ચરની ઈજા થઈ હતી. મહેશને માથામાં, શરીરના ભાગે ઈજા થતાં સારવાર માટે એડમીટ કરાયા હતા. બનાવના પગલે પરિવારજનો,સગા-સંબંધીઓ હોસ્પિટલે દોડી આવ્યા હતા. એક જ પરિવારના બે-બે વ્યક્તિના મૃત્યુથી ભારે ગમગીની છ્વાઈ હતી.

# ગોંડલના યુટ્યુબર બન્ની ગજેરા અને સાગ્રીત પિયુષ રાદડીયાની ધરપકડ



### વાણીવિલાસ કરતા બન્ની સામે અલગ અલગ ૩ ગુના નોંધાયા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નાં પુર્વ ધારાસભ્ય તથા તેના પુત્ર ઉપરાંત જીલ્લા ભાજપ પ્રમુખ સહિત ગોંડલ નાં ભાજપી આગેવાનો વિષે સોશિયલ મિડિયા માં વિડીયો બનાવી બેફામ વાણીવિલાસ કરનાર ભાવિન ઉર્ફ બન્ની ગજેરા તથા તેની મદદગારી કરનાર ગોંડલ નાં પિયુષ રાદડીયાની પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરીછે.બન્નેની પૂછ્પરછ માં અનેક ફણગા ફુટે તેવી શક્યતાઓ છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ જેતપુર તાલુકાનાં મોટાગુંદાળા રહેતા ભાવિન ઉર્ફે બન્ની ગોરધનભાઈ ગજેરા સામે ગોંડલ તાલુકા પોલીસ ઉપરાંત સુલતાનપુર પોલીસ માં ફરિયાદ થઈ હોય ડીવાયએસપી ઝાલાનાં માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ ઓડેદરા તથા તાલુકા પીઆઈ રમાર ની ટીમ દ્વારા બન્નીની શોધખોળ હાથ ધરાતા તપાસ નાં અંતે ઉત્તરાખંડ નાં નૈનીતાલ થી જડપી લીધો લતો. વધુમાં તેને મદદગારી કરનાર ગોંડલ પિયુષ લાલજીભાઈ રાદડીયા ની ધરપકડ કરી પુછ્પરછ હાથ ધરી કાર્યવાહી કરી હતી.

છેલ્લા કેટલાક સમય થી બન્ની ગજેરા પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજા, તેના પુત્ર ગણેશ ઉપરાંત જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા વિરુધ્ધ બેફામ વાણીવિલાસ કરતા વિડીયો સોશ્યલમીડિયામાં વાયરલ કર્યા હતા.